

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 331
Dt.: 10-08-2025, Sunday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### વાયુસેના પ્રમુખ અમરપ્રીત સિંહે એક મોટું નિવેદન આપ્યું

# ઓપરેશન સિંદૂર દરમિયાન, આપણે ૫ પાકિસ્તાની ફાઈટર જેટ તોડી પાડ્યા

## બેંગલુરુમાં એક કાર્યક્રમમાં બોલતા એર ચીફ માર્શલ એપી સિંહે હવાઈ હુમલા માટે S-400 એર ડિફેન્સ સિસ્ટમને શ્રેય આપ્યો હતો



(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

વાયુસેના પ્રમુખ અમરપ્રીત સિંહે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય વાયુસેનાની કાર્યવાહી અંગે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન, આપણી સેનાએ ૬ પાકિસ્તાની વિમાનોને તોડી પાડ્યા હતા. તોડી પાડવામાં આવેલા વિમાનોમાં પાંચ પાકિસ્તાની ફાઈટર જેટ અને એક જાસૂસી વિમાન AWACS હતા. તમને જણાવી દઈએ કે, ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને થયેલા નુકસાન અંગે ભારતીય વાયુસેના તરફથી આ પહેલું સત્તાવાર નિવેદન છે. બેંગલુરુમાં એક કાર્યક્રમમાં બોલતા એર ચીફ માર્શલ એપી સિંહે હવાઈ હુમલા માટે S-400 એર ડિફેન્સ સિસ્ટમને શ્રેય આપ્યો હતો. તેમણે કહ્યું કે, "આ આપણા કરેલા નુકસાન (બહાવલપુર - જૈશ-એ-મોહમ્મદના મુખ્યાલય) ના પહેલા અને પછીની તસવીરો છે. લગભગ અહીં કોઈ અવશેષ બચ્યું નથી. આસપાસની ઈમારતો લગભગ સંપૂર્ણપણે સુરક્ષિત છે. આપણી પાસે ફક્ત સેટેલાઈટ છબીઓ જ નહીં, પરંતુ સ્થાનિક મીડિયાના ચિત્રો પણ હતા, જેના દ્વારા આપણે અંદરની તસવીરો મેળવી શકીએ છીએ." તેઓએ જણાવ્યું કે, આપણે જે "બિગ બર્ડ" ને તોડી પાડ્યું, તે કદાચ AWACS (એરબોર્ન વોર્નિંગ એન્ડ કંટ્રોલ સિસ્ટમ) અથવા ઈલેક્ટ્રોનિક ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ હતું, જેના વિનાશથી પાકિસ્તાનની હવાઈ શક્તિને ભારે ફટકો પડ્યો છે. AEW&C/ELINT વિમાનને ૩૦૦ કિલોમીટરના અંતરેથી નિશાન બનાવવામાં આવ્યું હતું. તેમણે આતંકવાદી ઠેકાણાઓની સેટેલાઈટ છબીઓ તરફ ઈશારો કરતા કહ્યું કે, થોડા અઠવાડિયા પહેલા પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં, જેમાં ૨૬ નિર્દોષ લોકો માર્યા ગયા હતા, ભારતે ૭ મેના રોજ તેના લશ્કરી કાર્યવાહીમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો અને સોથી વધુ આતંકવાદીઓને મારી નાખ્યા હતા.

પહલગામ હુમલાનો ઉલ્લેખ કરતા એર ચીફ માર્શલ સિંહે કહ્યું કે, આપણે બધા જાણીએ છીએ કે, પહલગામની દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં કેટલા નિર્દોષ લોકો માર્યા ગયા હતા. દેશ માટે જવાબ આપવો જરૂરી હતો. આ સંદેશ ફક્ત લોન્ચપેડ પૂરતો મર્યાદિત ન હોવો જોઈએ, પરંતુ આતંકવાદી નેતૃત્વને પણ પડકારવો જોઈએ. આ વિચારને ધ્યાનમાં રાખીને, અમે અન્ય એજન્સીઓ સાથે મળીને નવ સ્થળોને નિશાન બનાવવાનું નક્કી કર્યું હતું.

તેમણે કહ્યું કે, આ કાર્યવાહીમાં બહાવલપુર અને મુરીદકે સ્થિત બે આતંકવાદી મુખ્યાલયને નિશાન બનાવવામાં આવ્યા હતા. તેમણે મુરીદકેમાં લશ્કર-એ-તૈયબાના મુખ્યાલય પર હુમલા પહેલા અને પછીના સેટેલાઈટ ફોટા પણ બતાવ્યા, જેમાં આતંકવાદી નેતૃત્વના રહેણાંક વિસ્તાર અને મીટિંગ હોલને ચોકસાઈથી નાશ કરવામાં આવ્યો હતો.

એપી સિંહના જણાવ્યા મુજબ, કુલ આઠ એજન્સીઓ અને ત્રણેય સેનાઓએ આ મિશનમાં ભાગ લીધો હતો. સાત લક્ષ્યો સરહદની નજીક હતા, જ્યારે બે આતંકવાદી નેતૃત્વના ગઢની અંદર નિશાન બનાવવામાં આવ્યા હતા. શસ્ત્રોમાંથી સીધા પ્રાપ્ત થયેલા વીડિયો ફૂટેજમાં હુમલાઓની પુષ્ટિ થઈ છે. તેમણે કહ્યું કે, તે ખૂબ જ સારી રીતે વિચારીને અને આયોજિત કામગીરી હતી, જેમાં અમે દિવસ અને લક્ષ્ય નક્કી કર્યું હતું. પરિણામ એ આવ્યું કે, પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો કે, ભારત ફક્ત સરહદ પારના લોન્ચપેડ પર જ નહીં, પરંતુ આતંકવાદી માળખાના કેન્દ્ર પર પણ હુમલો કરી શકે છે.

### દિલ્લીમાં ભારે વરસાદની વચ્ચે દુર્ઘટના

# દિલ્લીમાં બિલ્ડિંગ ધરાશાયી થતા સાત લોકોનાં મોત થયા

## દિલ્હીના જૈતપુરના હરિનગર ગામમાં વરસાદને કારણે એક ઈમારતની દિવાલ ધરાશાયી આઠ લોકો કાટમાળ નીચે દટાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દક્ષિણ દિલ્હીના જૈતપુરના હરિનગર ગામમાં એક ઈમારતની દિવાલ ધરાશાયી થતાં બે બાળકો સહિત આઠ લોકો નીચે દટાઈ ગયા. કાટમાળ જેના પર પડ્યો તે પ્લોટની અંદર ઝૂંપડાઓ બનેલા હતા. અકસ્માતમાં કેટલાક લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સાત લોકોના મોતની પણ પુષ્ટી થઈ છે.

દક્ષિણ પૂર્વ દિલ્હીના જૈતપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ઈમારતની ૧૦૦ ફૂટ લાંબી દિવાલ અચાનક ધરાશાયી થઈ જતાં નાસભાગ મચી ગઈ હતી ઉલ્લેખનિય છે કે દિલ્લીમાં ગત રાતથી ભારે વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે નજીકની ઘણી ઝૂંપડપટ્ટીઓ તેની ઝપેટમાં આવી ગઈ. ત્યાંથી ૮ લોકોને બચાવી લેવામાં આવ્યા અને AIIMS ટ્રોમા સેન્ટર અને સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જેમાંથી ૭ લોકોના મોત થયા.દિલ્હી પોલીસ, ફાયર બ્રિગેડ, NDRFની ટીમો સ્થળ પર પહોંચીને તાબડતોબ રેસ્કયુ ઓપરેશન શરૂ કર્યું છે.

મૃતકોમાં ત્રણ પુરુષો, બે મહિલાઓ અને બે છોકરીઓનો સમાવેશ થાય છે. બધાની ઓળખ થઈ ગઈ છે. મૃતકોના નામ રૂબીના (૨૫ વર્ષ), ડોલી (૨૫ વર્ષ), રૂખસાના (૬ વર્ષ) અને હસીના (૭ વર્ષ) છે. તે જ સમયે, એક ઘાયલ હિસ્બુલ છે જે હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે.

શનિવાર (૯ ઓગસ્ટ) સવારે ૯.૩૦ વાગ્યે આ દુર્ઘટના સર્જાઇ હતી. હરિ નગર ગામની પાછળ ઝૂંપડપટ્ટીઓ પર દિવાલ તૂટી પડતાં હડકંપ મચી ગઇ હતી. ઘટનાસ્થળે પહોંચેલા ડીસીપી સાઉથ ઈસ્ટ હેમંત તિવારીએ જણાવ્યું હતું કે ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ ૫ થી ૭ મિનિટમાં ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. લોકોની મદદથી અને જેસીબી બોલાવીને લોકોને ત્યાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. ઈજાગ્નસ્તોને બે અલગ અલગ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. અન્ય વિભાગોની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

### દિલ્હીમાં ગમે ત્યારે પૂર ત્રાટકે તેવી આશંકા

# ખતરાના નિશાનથી ઉપર પહોંચી યમુના નદી, તંત્ર એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશની રાજધાની દિલ્હીમાં પૂરનો ખતરો વધી ગયો છે. શનિવારે સવારે ૯ વાગ્યે યમુના નદીનું પાણીનું સ્તર ઓલ્ડ રેલવે બ્રિજ પર ૨૦૪.૪૦ મીટર પર પહોંચી ગયું હતું, જે ૨૦૪.૫૦ મીટરના ભયના નિશાનથી થોડુંક જ નીચે છે. તેને ગંભીરતાથી લેતા, વહીવટીતંત્રે તમામ સંબંધિત વિભાગોને પૂર જેવી પરિસ્થિતિનો સામનો કરવા માટે સતર્ક રહેવા સૂચના આપી છે. ઉલ્લેખનીય છે કે આજે દિલ્હીમાં રેડ એલર્ડ વચ્ચે ભારે વરસાદ પણ થતાં અનેક રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયા છે. સેન્ટ્રલ ફલડ કંટ્રોલ રૂમના એક અધિકારીએ જણાવ્યું હતું કે, "યમુનાના પાણીના સ્તરમાં વધારો થવાનું મુખ્ય કારણ વઝીરાબાદ અને હાથિનીકુંડ બેરેજમાંથી દર કલાકે મોટી માત્રામાં પાણી છોડવામાં આવી રહ્યું છે." આ ઉપરાંત, હરિયાણા અને ઉત્તરાખંડના ઉપરના કેચમેન્ટ વિસ્તારોમાં વરસાદે પણ નદીના પાણીના સ્તરમાં વધારો કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

પૂર નિયંત્રણ વિભાગના જણાવ્યા અનુસાર, વઝીરાબાદ બેરેજમાંથી દર કલાકે લગભગ ૩૦,૮૦૦ ક્યુસેક અને હાથિનીકુંડ બેરેજમાંથી ૨૫,૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. આ પાણીને દિલ્હી પહોંચવામાં સામાન્ય રીતે ૪૮ થી ૫૦ કલાકનો સમય લાગે છે. ઉપરના વિસ્તારોમાંથી ઓછું પાણી છોડવામાં આવ્યું હોવા છતાં, દિલ્હીમાં પાણીનું સ્તર ઝડપથી વધી રહ્યું છે. દિલ્હીમાં યમુના માટે ચેતવણીનું સ્તર ૨૦૪.૫૦ મીટર છે, જ્યારે ભયનું ચિહ્ન ૨૦૫.૩૦ મીટર છે. જો પાણીનું સ્તર ૨૦૬ મીટર સુધી પહોંચે છે, તો શહેરમાં લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવાની પ્રક્રિયા શરૂ થશે. જૂનો રેલ્વે બ્રિજ યમુનાના પ્રવાહ અને પૂરના જોખમને માપવા માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર છે.

### અમેરિકાના પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની ચેતવણી

# ભારત પર તોતિંગ ટેરિફ નાખવાનું ટ્રમ્પને ભારે પડ્યું!

## ભારત પર ભારે ભરખમ ટેરિફ લગાવીને ડોનાલ્ડ ટ્રમ્પ દાયકાઓની અમેરિકી કૂટનીતિને જોખમમાં નાખી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ભારત અને અમેરિકાના સંબંધો પર એક નવો વિવાદ ઊભો થયો છે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને ટ્રમ્પના નીકટ રહી ચૂકેલા જહોન બોલ્ટને ચેતવણી આપી છે કે ભારત પર ભારે ભરખમ ટેરિફ લગાવીને ટ્રમ્પ દાયકાઓની અમેરિકી કૂટનીતિને જોખમમાં નાખી શકે છે. તેમનું માનવું છે કે આ પગલું ભારતને રશિયા અને ચીનની વધુ નજીક ધકેલી શકે છે જે અમેરિકા માટે એક મોટી રણનીતિક ભૂલ સાબિત થઈ શકે છે. બોલ્ટને જણાવ્યું કે ટ્રમ્પ પ્રશાસને રશિયા પાસેથી ઓઈલ ખરીદવા પર ભારત પર ૫૦ ટકાથી વધુ ટેરિફ લગાવ્યો છે. જેમાં ૨૫ ટકા વધારાનો સેકન્ડરી ટેરિફ પણ સામેલ છે. આ ટેરિફ ફક્ત એ તર્ક સાથે લગાવવામાં આવ્યો કે ભારત રશિયાના યુદ્ધ અભિયાનને આર્થિક મદદ કરી રહ્યું છે. પરંતુ ચોંકાવનારી વાત એ છે કે ચીન પર આ પ્રકારનો કોઈ પ્રતિબંધ લગાવ્યો નથી. તેનાથી ભારતે ખુબ જ નકારાત્મક પ્રતિક્રિયા આપી અને તેને અયોગ્ય અને અસ્વીકાર્ય ગણાવી. અમેરિકી વિદેશ નીતિ વિશેષજ્ઞ અને પૂર્વ વેપાર અધિકારી ક્રિસ્ટોફર પડિલ્લાએ પણ ચેતવણી આપી છે કે આ પગલું ભારત-અમેરિકાના સંબંધોને લાંબા સમય સુધી નુકસાન પહોંચાડી શકે છે. તેમણે કહ્યું કે ટેરિફની અસર આવનારા વર્ષો સુધી ભારતની યાદમાં રહેશે અને એ સવાલ ઊભો કરી શકે છે કે શું અમેરિકા એક ભરોસાપાત્ર સાથે છે.

રશિયાએ ભારતનું ખુલીને સમર્થન કર્યું છે અને અમેરિકા પર ગેરકાયદેસર વેપારી દબાણ નાખવાનો આરોપ લગાવ્યો છે. બોલ્ટનનું માનવું છે કે આવનારી ટ્રમ્પ-પુતિનની મુલાકાતમાં પુતિન આ મુદ્દાનો ફાયદો ઉઠાવીને પોતાના એજન્ડાને આગળ વધારી શકે છે.

### વધી રહ્યો છે ગ્લોબલ વોર્મિંગનો કહેર

# તરસથી પીડાશે અડધી દુનિયા, નાસાનો ભયાનક રિપોર્ટ

## દર વર્ષે સમગ્ર વિશ્વમાં સૂકા વિસ્તારોનો વિસ્તાર વધી રહ્યો છેઃ આ વધારો લગભગ બમણો થઈ રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

નાસાના GRACE અને GRACE-FO ઉપગ્રહો પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાં થતા ફેરફારોને માપે છે. આ ઉપગ્રહો ૨૦૦૨ અને ૨૦૦૮ માં લોન્ચ કરવામાં આવ્યા હતા. આ ઉપગ્રહોની મદદથી, વૈજ્ઞાનિકો પૃથ્વી પર પાણીનું પ્રમાણ કેવી રીતે બદલાઈ રહ્યું છે તે શોધી શકે છે. આજકાલ, વિશ્વના ઘણા ભાગોમાં હવામાન ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યું છે, જેના કારણે દુષ્કાળ, પૂર અને જંગલમાં આગ લાગવાની ઘટનાઓ નોંધપાત્ર રીતે વધી રહી છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં, વિશ્વભરના ઘણા વિસ્તારો ખૂબ જ સુકા બની ગયા છે. ખાસ કરીને દક્ષિણપશ્ચિમ ઉત્તર અમેરિકાથી મધ્ય અમેરિકા સુધી, દુષ્કાળ હવે સામાન્ય બની ગયો છે. જ્યાં વરસાદ પહેલા જેવો જ છે, ત્યાં હવે હવામાન બદલાઈ રહ્યું છે. ઉદાહરણ તરીકે, લા નીના, જે ૨૦૨૦ થી ૨૦૨૩ સુધી ચાલ્યું હતું, તેના કારણે પૂર્વ આફ્રિકામાં સતત દુષ્કાળ પડ્યો હતો. હવે ઉત્તર આફ્રિકા, યુરોપ, મધ્ય પૂર્વ, મધ્ય એશિયા, ઉત્તર ચીન અને દક્ષિણપૂર્વ એશિયા ખૂબ મોટો શુષ્ક વિસ્તાર બની ગયો છે.

સંશોધકોએ એવું પણ શોધી કાઢ્યું છે કે ગ્લોબલ વોર્મિંગ અને શહેરોના વિકાસને કારણે પૃથ્વીના કેટલાક વિસ્તારો જેમ કે પૂર્વ આફ્રિકા અને પશ્ચિમી સબ-સહારન આફ્રિકા ભીના થઈ રહ્યા છે. જ્યારે પૃથ્વી ગરમ થાય છે, ત્યારે હવામાં પાણી બાષ્પીભવન થાય છે. આને કારણે, કેટલાક વિસ્તારોમાં ઘણો વરસાદ પડે છે. પરંતુ વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે સૂકા વિસ્તારો સુકાઈ જવાનો દર અને ભીના વિસ્તારોમાં ભીના થવાનો દર વધ્યો છે.

જુલાઈ ૨૦૨૫ માં, વિશ્વનું તાપમાન પેરિસ કરારમાં નિર્ધારિત મર્યાદા કરતા ઘણું વધારે વધ્યું છે. તાપમાનમાં આ વધારો ૧.૫૩ ડિગ્રી સેલ્સિયસ હતો, જે નિર્ધારિત મર્યાદાથી ઘણો વધારે છે. જંગલ કાપી નાખવા, શહેરોનો બિનઆયોજિત વિકાસ અને વધતું પ્રદૂષણ આપણા વાતાવરણને એવી પરિસ્થિતિમાં લઈ જઈ રહ્યું છે જ્યાંથી પાછા ફરવું ખૂબ મુશ્કેલ બનશે.

આ મોટી આફતથી બચવા માટે, વૈજ્ઞાનિકો કહે છે કે બધી સરકારોએ કડક નિયમો બનાવવા જોઈએ અને વિકાસ માટે કરવામાં આવેલ કાર્ય વિચારપૂર્વક કરવું પડશે. આ ઉપરાંત, બધા દેશોએ સાથે મળીને ઉકેલ શોધવાનું કામ કરવું પડશે.

# પૂણેમાં લેન્ડિંગ દરમિયાન ટ્રેનિંગ એરક્રાફ્ટ ક્રેશ થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)પુણે

પુણે જિલ્લાના બારામતી સબડિવિઝનના કટફલ ગામ નજીક એક તાલીમ વિમાન શનિવારે સવારે ક્રેશ થયું હતું. આ વિમાન રેડબર્ડ ફ્લાઈટ ટ્રેનિંગ એકેડેમીનું હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે અકસ્માત સમયે વિમાન ટ્રેનિંગ ફ્લાઈટ પર હતું. વિમાન પાયલટ શક્તિ સિંહને નાની મોટી ઈજા થવા પામી હતી. હાલમાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ખસેડવામાં આવ્યા છે, તેઓ સુરક્ષિત છે. અકસ્માતના સમાચાર વાયુવેગે ફેલાતાં ઘટના સ્થળે અફરા તફરી મચી ગઈ હતી. હાજર કર્મચારીઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા પ્રમાણે લેન્ડિંગ દરમિયાન વિમાનનું આગળનું વ્હીલ વળેલું હતું. તો કેટલાકનું કહેવું હતું કે, લેન્ડિંગ દરમિયાન વિમાનનું આગળનું ટાયર બહાર નીકળી ગયું અને વિમાન ટેક્સીવે પરથી ઉતરી ગયું અને બાજુના ઘાસમાં જઈને પડ્યું હતું. એ પછી કંપનીના કર્મચારીઓએ તાત્કાલિક વિમાનને બાજુ પર લઈ જઈને તેનું રિપેરિંગકામ શરૂ કર્યું. વિમાનનો આગળનો પંખો ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો અને વ્હીલ નજીકના કેટલાક ભાગોને પણ નુકસાન પહોંચ્યું હતું. આ વિમાન રેડ બર્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટનું હતું. શનિવારે સવારે આશરે ૮ વાગ્યે તાલીમ શરૂ થઈ હતી એ સમયે આ ઘટના બની હતી. મહત્ત્વની વાત એ છે કે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી.અકસ્માતની માહિતી મળતાં જ પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્ર ઘટનાસ્થળે પહોંચી ગયું હતું. FIR નોંધવામાં આવી છે. DGCA (નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય) એ આ મામલાની તપાસના આદેશ આપ્યો છે. પુણેના SP સંદીપ ગિલે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, લેન્ડિંગ દરમિયાન કેટલાક પક્ષીઓ વિમાનની સામે આવી ગયા. જેના કારણે પાઈલટે વિમાનને પાછળ ઉપર લઈ જઈને ફરીથી લેન્ડિંગ માટે નીચે ઉતર્યો, ત્યારબાદ વિમાનના આગળના પૈડાને નુકસાન થયું.




# તંત્રી લેખ......

## વડાપ્રધાનની ચીનયાત્રા સૂચક

વિશ્વના અનેક દેશોની જેમ ભારતને પણ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તોર અને તરંગ ટેરિફનાં માધ્યમથી સતાવી રહ્યા છે. હવે તો તેઓ ૨૫ને બદલે ૫૦ ટકા ટેરિફની જાહેરાત કરી ચૂક્યા છે, ત્યારે ભારત માટે પડકાર વધી રહ્યા છે. અલબત્ત ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ‘નહીં ઝૂકીએ’ તેવું જગતને જણાવી દીધું છે. છતાં સ્થિતિ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવાહી છે. જગતની મહાસત્તાઓનાં વલણ આગામી દિવસોમાં ઘણા મહત્ત્વના રહેવાના છે. આ સ્થિતિમાં શાંઘાઈ સહયોગ સંગઠન (જઈઘ)ની બેઠકમાં ઉપસ્થિત રહેવાનો વડાપ્રધાન મોદીનો નિર્ણય ઘણા સંકેત જ નહીં પરંતુ અમેરિકાને સ્પષ્ટ સંદેશો આપનારો બની રહેશે. ભારત અને ચીન વચ્ચે વધેલું રાજનૈતિક અંતર, અવિશ્વાસની ખાઈમાં ઘટાડો થયો છે તેવું વાતાવરણ આ ચીન પ્રવાસની જાહેરાતથી ઊભું થશે. સાથે જ અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પની તદન વિચિત્ર અને પ્રશ્નાર્થો સર્જનારી ટેરિફનીતિનો જવાબ દેવા માટે ભારતે તૈયારી કરી રાખી છે, તેવું પણ સ્પષ્ટ થઈ રહ્યું છે. એક તરફ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ રશિયા પહોંચ્યા છે. ટ્રમ્પના વિશેષ દૂત પણ ત્યાં છે, ત્યારે ટ્રમ્પની નીતિઓ સામે ‘નહીં ઝૂકવા’નો સંદેશો આપવો જરૂરી હતો. કારણ કે, ટેરિફ મામલે હવે પાણી માથાં પરથી જઈ રહ્યું છે. ભારત સામે જાણે ઈરાદાપૂર્વક કોઈ બાબતનો બદલો લઈ રહ્યા હોય તેવું વલણ ડોનાલ્ડ ટ્રમ્પે અપનાવ્યું છે. ભારતે જો કે, વખતો વખત ટ્રમ્પની આ નીતિઓનો વિરોધ કર્યો છે અને એવું સ્પષ્ટ કર્યું છે કે, અમેરિકા જો શક્તિશાળી દેશ હોય તો ભારત પણ નબળો દેશ નથી. આ સામે અમેરિકાથી પીડિત ચીન ભારત સાથે સંબંધો સુધારવા માગે છે. અલબત્ત આ આવકાર્ય સ્થિતિ છે, પરંતુ ભારત માટે સકારાત્મક અભિગમ અને હિતકારી સ્થિતિ માટે ચીન સંવેદનશીલ નથી એ બાબતની અવગણના પણ કરવી જોઈએ નહીં. એક તરફ તે પોતાનાં હિત માટે ભારતનો સાથ ઈચ્છે છે, બીજી બાજુ ભારતની વિરુદ્ધ છમકલાં પણ કરતું રહે છે. પહેલગામમાં થયેલા આતંકી પ્રહાર પછી પાકિસ્તાનને સમર્થન કરવું, ‘ઓપરેશન સિંદૂર’ દરમિયાન પાકિસ્તાનને પ્રત્યક્ષ કે પરોક્ષ સહાય કરવી સહિતની ઘટનાઓ તાજેતરની છે એટલે ભારતે પણ પૂર્ણ વિશ્વાસ ચીન પર મૂકવો કે કેમ? તે અગત્યનું છે. થોડા સમય પહેલાં જ શાંઘાઈ સહયોગ સંગઠનના રક્ષામંત્રીઓની બેઠકમાં પહેલગામ હુમલા પરનાં સંયુક્ત નિવેદન પર સંમતિ આપવાનો ઈન્કાર કર્યો ત્યારે ભારતે પણ તેના ઉપર હસ્તાક્ષર કરવાની ના કહી દીધી હતી. અરુણાચલપ્રદેશ અને કાશ્મીર પ્રત્યે ચીનનું વલણ તથા નિવેદનો સતત શંકાસ્પદ રહે છે. અમેરિકા સામેની રણનીતિના ભાગરૂપે ભારત ચીન સાથે હસ્તધૂનન કરે તેમાં કોઈ વાંધો હોઈ શકે નહીં. વડાપ્રધાન વ્યૂહાત્મક રીતે ૩૧ ઓગસ્ટ અને પહેલી સપ્ટેમ્બરે ચીન જઈ રહ્યા છે. વિશ્વની નજર રશિયા, ભારત અને ચીન ઉપર છે. આ સ્થિતિમાં ભારતની વિદેશનીતિ ચીન સાથે સંબંધ સુધારવાની પહેલ કરે તેમાં અન્ય અભિપ્રાય હોઈ શકે નહીં પરંતુ અત્યાર સુધી ચીનનું જે વલણ છે તે જોતાં ભારતે ચીન કે રશિયા ઉપર વધારે નિર્ભર રહેવાથી તો બચવું જ રહ્યું, સાથે જ એ વાતનો પણ ઈન્કાર થઈ શકે નહીં કે, ભારતની ક્ષમતાની અવગણના ચીન કરી શકતું નથી.

કેન્દ્રીય વન-પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવ અને ગુજરાતના વન મંત્રી શ્રી મુળુભાઈ બેરા ખાસ ઉપસ્થિત રહેશે

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ભાણવડ તાલુકાના બરડા વિસ્તારમાં આવેલા ટીંબડી ખાતે રાજ્યકક્ષાના ‘વિશ્વ સિંહ દિવસ’ની ઉજવણી કરાશે

### વન વિભાગ દ્વારા તા. ૧૦ ઓગસ્ટ-‘વિશ્વ સિંહ દિવસ’ નિમિતે ગુજરાતમાં સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં પણ ‘સિંહ દિવસ’ની ભવ્ય ઉજવણી કરાશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં, કેન્દ્રીય વન-પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવ તેમજ ગુજરાતના વન-પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાની વિશેષ ઉપસ્થિતિમાં તા. ૧૦ ઓગસ્ટ-૨૦૨૫ના રોજ સવારે ૧૦ કલાકે દેવભૂમિ દ્વારકાના ભાણવડ તાલુકાના ટીંબડીમાં કપૂરડી-ઘુમલી રોડ ખાતે રાજ્યકક્ષાના ‘વિશ્વ સિંહ દિવસ’ની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજી બાવળિયા તેમજ વન-પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશ પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે તેમ, વન અને પર્યાવરણ વિભાગ દ્વારા જણાવાયું છે.

વન વિભાગ દ્વારા વધુ વિગતો આપતાં કહ્યું છે કે, ‘જંગલના રાજા સિંહ’ પ્રત્યે નાગરિકોમાં વધુને વધુ જાગૃતિ આવે, તેનું યોગ્ય સંવર્ધન-સંરક્ષણ થાય તેવા ઉમદા હેતુથી ગુજરાત સહિત વિશ્વભરમાં દર વર્ષે તા. ૧૦ ઓગસ્ટના રોજ ‘વિશ્વ સિંહ દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે. સમગ્ર દેશમાં એકમાત્ર ગુજરાતમાં વસવાટ કરતાં એશિયાઈ સિંહ એ રાજ્યના ઘરેણા-ગૌરવ સમાન છે. એશિયાઇ સિંહ દેશમાં માત્ર સૌરાષ્ટ્ર વિસ્તારના અંદાજે ૧૧ જિલ્લાઓમાં કુદરતી વાતાવરણમાં મુક્ત રીતે વિહરતા જોવા મળે છે.

વન વિભાગના ઉપક્રમે સૌરાષ્ટ્રના જૂનાગઢ,ગીર સોમનાથ, ભાવનગર, રાજકોટ,મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, અમરેલી, પોરબંદર અને બોટાદ એમ કુલ ૧૧ જિલ્લાઓમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં તેમજ વન મંત્રી શ્રી મુળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના સતત માર્ગદર્શનમાં વન વિભાગે ગુજરાતમાં સિંહના સંરક્ષણ-સંવર્ધન માટે અનેકવિધ પ્રયાસો હાથ ધર્યા છે. વિશ્વ સિંહ દિવસની ઉજવણી વર્ષ ૨૦૧૩થી શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં ’વિશ્વ સિંહ દિવસ’ની ઉજવણીને વર્ષ ૨૦૧૬માં વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા, વર્ષ ૨૦૧૭માં ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ અને એશિયા બુક ઓફ રેકોર્ડ્સ,વર્ષ ૨૦૧૯માં વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ તેમજ વર્ષ ૨૦૨૨માં વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે.

‘બરડા વન્યજીવ અભયારણ્ય’, જેને સ્થાનિકોમાં ‘બરડો’ તરીકે ઓળખવામાં આવે છે, આ સ્થળ ગુજરાતના પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં આવેલા અતિમહત્વપૂર્ણ જૈવવિવિધતાવાળા પ્રદેશોમાંથી એક છે. વર્ષ ૧૯૭૯માં અભયારણ્ય તરીકે જાહેર થયેલું બરડા, ભૂતકાળમાં પોરબંદર અને જામનગર રાજવંશોનું શિકાર ક્ષેત્ર હતું. આજે તે એશિયાટિક સિંહના સંરક્ષણ માટે વિકસાવવામાં આવેલા વ્યાપક દ્રષ્ટિકોણ હેઠળનું મહત્વપૂર્ણ રહેઠાણ બની ગયું છે.

બરડા વિસ્તાર સિંહોના બીજા નિવાસસ્થાન તરીકેની ઓળખ મેળવી રહ્યો છે. આ બરડા અભયારણ્યનો કુલ વિસ્તાર ૧૯૨.૩૧ ચો.કિ.મી.છે. વર્ષ ૧૮૭૯ બાદ એશિયાઇ સિંહ વર્ષ ૨૦૨૩માં એક પુખ્ત નર સિંહ કુદરતી રીતે આ વિસ્તારમાં આવીને સ્થાયી થયો ત્યારથી આજે આ વિસ્તારમાં સિંહની વસ્તી ૬ વયસ્ક અને ૧૧ બાળ મળી કુલ ૧૭ જેટલી નોંધાઈ છે.

આ વિસ્તારમાં જંગલ સફારી શરૂ કરવાની સાથે રોજગારીની નવી તકો ઉભી થઈ છે. માર્ચ ૨૦૨૫ સુધી ૨,૨૭૧ પ્રવાસીઓ આ સુવિધાનો લાભ લીધો છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા દેવલીયા અને આંબરડી ઉપરાંત બરડા વિસ્તારમાં કુલ ૨૪૮ હેક. જમીનની ફાળવણી કરવામાં આવી છે. જ્યાં આશરે રૂા. ૬૦ કરોડના ખર્ચે સફારી બનાવવાનું આયોજન કરાયું છે. વધુમાં બરડા વિસ્તારમાં ઈકો ટુરીઝમ વિકાસ માટે રૂા.૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મે-૨૦૨૫ દરમિયાન રાજ્યમાં થયેલ સિંહ ગણતરી અંદાજ પ્રમાણે સિંહોની કુલ વસ્તી વર્ષ ૨૦૨૦ની સરખામણીએ ૩૨ ટકા જેટલી વધવા પામી છે એટલે કે ૬૭૪ થી વધીને ૮૯૧ નોંધાઈ છે. પ્રવાસનની રીતે જોઈએ તો વર્ષ ૨૦૦૭-૦૮થી ૨૦૨૪-૨૫ સુધીમાં ગીર અભયારણ્ય, દેવળિયા અને આંબરડીની મુલાકાત દરમિયાન કુલ ૯.૬૧ લાખથી વધુ પ્રવાસીઓને એશિયાટીક સિંહને નજીકથી નિહાળવાની તક મળી છે.

વધુમાં હાલ રાજ્યમાં કુલ ૧૧ જિલ્લામાં ૩૫,૦૦૦ ચો.કિ.મી.જેટલા વિસ્તારમાં સિંહ વસ્તીની અવર – જવર નોંધાઈ છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઓગષ્ટ ૨૦૨૦માં ૭૪માં સ્વાતંત્ર્ય દિવસ પર લાલ-કિલ્લા પરથી સિંહોના લાંબા ગાળાના સંરક્ષણ માટે કામ કરવાના સરકારના સંકલ્પ અને પ્રતિબદ્ધતા દર્શાવીને દેશમાં એશિયાટીક સિંહના ભવિષ્યને સુરક્ષિત કરવા “પ્રોજેક્ટ લાયન”ની જાહેરાત કરી હતી. ભારત સરકારના વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા ૧૦ વર્ષ માટે અંદાજે કુલ રૂા.૨,૯૨૭.૭૧ કરોડનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગીરનું જંગલ ભવ્ય એશિયાઈ સિંહોના એકમાત્ર ઘર તરીકે જાણીતું છે. ગીર વન્યજીવ અભયારણ્યની સ્થાપના ૧૯૬૫માં કરવામાં આવી હતી, ત્યારબાદ ૧૯૭૫માં ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની સ્થાપના કરાઈ. ગીર રાષ્ટ્રીય ઉદ્યાનનો વિસ્તાર ૨૫૮.૭૧ ચોરસ કિલોમીટર છે, જ્યારે ગીર વન્યજીવ અભયારણ્ય ૧,૧૫૧.૫૯ ચોરસ કિલોમીટર આવરી લે છે.

ગીર જંગલમાં ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, ગીર વન્યજીવ અભયારણ્ય, પાણિયા વન્યજીવ અભયારણ્ય, મિતિયાળા વન્યજીવ અભયારણ્ય અને જૂનાગઢ, ગીર-સોમનાથ અને અમરેલી એમ ત્રણ જિલ્લાઓમાં ફેલાયેલા વિસ્તારોનો સમાવેશ થાય છે. ગીર જંગલનું અનોખું અને વિવિધતાપૂર્ણ ઈકોસિસ્ટમ ૬૩૧ નોંધાયેલી પ્રજાતિઓ સાથે વનસ્પતિની અતિ સમૃદ્ધ વિવિધતા ધરાવે છે. પ્રાણીસૃષ્ટિની વિવિધતામાં સસ્તન પ્રાણીઓની ૪૧ પ્રજાતિઓ, પક્ષીઓની ૩૩૮ પ્રજાતિઓ, સરિસૃપની ૪૭ પ્રજાતિઓનો સમાવેશ થાય છે.

વધુમાં કેન્દ્ર સરકાર દ્વારા વન્ય પ્રાણીના આરોગ્ય માટે રાષ્ટ્રીય સ્તરનો “નેશનલ રેફરલ સેન્ટર”નો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર દ્વારા નવા પીપળીયા ખાતે ૨૦.૨૪ હેક. જમીન ફાળવણી પણ કરવામાં આવી છે જેનું કામ હાલમાં પ્રગતિમાં છે. સાસણ ખાતે ગીર વિસ્તારના વન્ય પ્રાણીઓના મોનીટરીંગ માટે એક હાઈ ટેક મોનીટરીંગ કેન્દ્ર તેમજ વેટરનરી હોસ્પિટલ બનાવવામાં આવી છે.

- જનક દેસાઈ

# ઉત્તરકાશી આફત અંગે સમાજવાદી પાર્ટીના નેતાનું વિવાદિત નિવેદન

### સમાજવાદી પાર્ટીના પૂર્વ સાંસદ એસ.ટી. હસને ઉત્તરાખંડ અને હિમાચલમાં મસ્જિદો અને કબરોના ધ્વંસને ભગવાનનો ન્યાય ગણાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉત્તરકાશી

ઉત્તરાખંડમાં ઉત્તરકાશીના ધરાલીમાં આવેલી કુદરતી આફત પર રાજકારણ શરૂ થયું છે. એક તરફ સેના હાલમાં ધરાલીમાં જીવ બચાવવા માટે યુદ્ધના ધોરણે કામ કરી રહી છે. બીજી તરફ સમાજવાદી પાર્ટીના પૂર્વ સાંસદ એસ.ટી. હસને ઉત્તરાખંડના ધરાલીમાં આવેલી કુદરતી આફત પર વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે ઉત્તરાખંડ અને હિમાચલમાં મસ્જિદો અને કબરોના ધ્વંસને ભગવાનનો ન્યાય ગણાવ્યો છે. નોંધનીય છે કે આગાઉ પણ તેણે કાવડ યાત્રા સહિત અનેક મુદ્દાઓ પર વાંધાજનક નિવેદનો આપ્યા હતાં.

સમાજવાદી પાર્ટીના નેતા એસ.ટી. હસનને અખિલેશ યાદવના નજીકના માનવામાં આવે છે. પરંતુ આ વખતે એસ.ટી. હસનનું વાહિયાત નિવેદન અખિલેશ યાદવ માટે પણ મુશ્કેલીનું કારણ બની શકે છે. જ્યારે તેને ઉત્તરાખંડના ધરાલીમાં થયેલી આફત વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું, કાટમાળ નીચે મોટી સંખ્યામાં લોકો દટાયેલા છે. આ ખૂબ જ દુઃખદ ઘટના છે કારણ કે ત્યાં આખા ગામડાં નાશ પામ્યા છે. ત્યાં વધારે વરસાદ પડ્યો ન હતો, તો પછી આવી આફત આવી છે. ત્યાં આ આફતો કેમ થઈ રહી છે? આપણે આ વિશે વિચારવું જોઈએ.

ઉત્તરકાશી આફત અંગે એસ.ટી. હસને કહ્યું કે, ધારાલીમાં થયેલી દુર્ઘટનાનું એક મોટું કારણ જંગલોમાંથી વૃક્ષો કાપવાનું છે. આપણે જંગલો સાથે મોટો અન્યાય કર્યો છે. વૃક્ષો સતત કાપવામાં આવી રહ્યા છે, જેના કારણે કાપણી વધી રહી છે. બીજી વાત એ છે કે ઉત્તરાખંડ અને હિમાચલમાં અન્ય ધર્મનું કોઈ સન્માન નથી. હું કહું છું કે કોઈપણ ધાર્મિક સ્થળ પર બુલડોઝરનો ઉપયોગ ન કરવો જોઈએ, પછી ભલે તે દરગાહ હોય, મસ્જિદ હોય કે મંદિર હોય. આ દુનિયા ચલાવનાર કોઈ બીજું છે. જ્યારે તેનો ન્યાય થાય છે, ત્યારે વ્યક્તિ કોઈ પણ રીતે પોતાને બચાવી શકતો નથી. ઉત્તર પ્રદેશના ભાજપ પ્રવકતા રાકેશ ત્રિપાઠીએ એસ.ટી. હસનના નિવેદનની ટીકા કરી છે. તેમણે કહ્યું કે, કુદરતી આફતો સમગ્ર માનવતા માટે પીડાદાયક છે. સપા સાંસદનું નિવેદન ઘા પર મીઠું છાટ્યા જેવું છે. કુદરતી આફતને ધાર્મિક આધાર પર વહેંચવી શરમજનક છે. કોઈએ આવું ન કરવું જોઈએ. આવા સાંસદને સજા કરવાને બદલે, સપા તેને પ્રોત્સાહન આપે છે. ઉલ્લેખનીય છે કે, છઠ્ઠી ઓગસ્ટે વાદળ ફાટવાના કારણે આવેલા પૂરથી ધારાલી ગામનો અડધો ભાગ નાશ પામ્યો હતો અને ઘણાં લોકો ગુમ થયા છે. સેનાના જવાનોની સાથે, ધારાલીમાં ઘણી એજન્સીઓ બચાવ કામગીરી કરી રહી છે. અત્યાર સુધીમાં ૧૩૦૦થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. પરંતુ ઘણાં લોકો હજુ પણ ફસાયેલા છે.

જીવનભર ભીખ માગી બચાવ્યા હતા લાખો રૂપિયા

# એક વૃદ્ધ ભિક્ષુક મહિલાએ લાખો રૂપિયા મંદિરના વિકાસ માટે દાનમાં આપી દીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાયચૂર

રાયચૂરમાં ભક્તિ અને ઉદારતાની એક અનોખી મિસાલ સામે આવી છે. અહીં એક વૃદ્ધ ભિક્ષુક મહિલાએ પોતે જીવનભર ભીખ માગી બચાવેલા લાખો રૂપિયા એક મંદિરના વિકાસ માટે દાનમાં આપી દીધા. જેને સાંભળી સૌ કોઈ ચોંકી ગયા અને તેમના વખાણ કરવા લાગ્યા.

આ કહાની રાયચૂર તાલુકાના બિઝનગેરા ગામની છે. અહીંના લોકો પોતાના ગ્રામ દેવતા અંજનેયના મંદિર માટે નવા ધ્વજ સ્તંભ બનાવવાની તૈયારી કરી રહ્યા હતા. તેના માટે ગામમાં ફાળો ઉઘરાવી રહ્યા હતા. આ દરમિયાન ગામમાં ટીનના નાના એવા શેડમાં રહેતી વૃદ્ધ ભિક્ષુક મહિલા રંગમ્મા આગળ આવ્યા અને મંદિર સમિતિને એક થેલો પકડાવી દીધો.

જ્યારે થેલો ખોલવામાં આવ્યો અને પૈસાની ગણતરી કરી તો સૌની આંખો ફાટી રહી. તેમાં ૧ લાખ ૮૩ હજાર રૂપિયા હતા અને આ એ જ પૈસા હતા જે રંગમ્માએ છેલ્લા ૩૦ વર્ષથી ભીખ માગી એકઠા કર્યા હતા. તેમણે જરા પણ ખચકાયા વિના આ રકમ મંદિરના ધ્વજ સ્તંભ માટે આપી દીધી.

રંગમ્માએ આ કંઈ પહેલી વાર દાન નથી કર્યું. થોડા વર્ષ પહેલા તેમણે એ ગામમાં એક શિવ મંદિરના બાંધકામ માટે ૩ લાખ રૂપિયાનું દાન આપ્યું હતું.

એક ભિક્ષુક મહિલા પાસેથી આવા દાનની કોઈને અપેક્ષા નહોતી, પણ રંગમ્માએ સાબિત કરી દીધું કે અસલી અમીરી દિલમાં હોય છે, ખિસ્સામાં નહીં.

રંગમ્માએ દાન આપતી વખતે ખાલી એટલું જ કહ્યું, ભગવાન કરે મારો ભાગ પણ બાકી બધાની સાથે હોય.

તેમની આ વાત સાંભળી ત્યાં હાજર સૌ કોઈ ભાવુક થઈ ગયા. કેટલાય ગામલોકોએ કહ્યું કે રંગમ્માનું આ પગલું સૌ માટે પ્રેરણા છે.

ઉત્તરાખંડ માથે તોળાતું સંકટ

# કાટમાળે ભાગીરથી નદીનો પ્રવાહ રોકીને બનાવેલું જળાશય ગમે ત્યારે ફાટશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ધરાલી

ઉત્તરાખંડના ધરાલી ગામમાં ખીર ગંગા નદીએ વેરેલા વિનાશની શાહી હજુ સૂકાઈ નથી ત્યાં તો કુદરતે ફરી ઉત્તરાખંડને બાનમાં લઈ લીધું છે. વાત છે હર્ષિલ વિસ્તારની, જ્યાં અવિરત વરસેલા વરસાદ અને ભૂસ્ખલનના કારણે ભાગીરથી નદીનો સ્વાભાવિક પ્રવાહ અચાનક બદલાઈ ગયો છે. ગઈકાલ સુધી ચંચળતાથી વહેતી આ નદી આજે એક વિશાળ જળાશયમાં પરિવર્તિત થઈ ગઈ છે, જે લગભગ ૩ કિમી લાંબું છે. આ ભૂગોળીય બદલાવે સમગ્ર વિસ્તારમાં ભય અને અશાંતિનું વાતાવરણ સર્જી દીધું છે. જે ખીર ગંગા નદીએ ગાંડીતૂર બનીને ધરાલીને ધ્વસ્ત કરી દીધું એ ખીર ગંગા આગળ જતાં ભાગીરથી નદીમાં ભળી જાય છે. ખીર ગંગામાં થઈને આગળ વધેલા અને આસપાસના પહાડોમાંથી પણ આવી પડેલા કાટમાળના વિશાળ જથ્થાએ ભાગીરથી નદીના વહેણને અધવચ્ચે જ રોકી દીધો છે. નદીના મધ્યમાં બનેલા કુદરતી અવરોધે પાણીની દિશા બદલાવી દીધી છે, પરિણામે એક વિશાળ સરોવર રચાયું છે, જે લંબાઈમાં ૩ કિમી જેટલું છે. કાટમાળના વિપુલ જથ્થાએ નદીના વહેણને અવરોધી નાખ્યો છે. જેને લીધે કુદરતી ડેમ બની ગયો છે. ડેમની પાછળ સતત પાણી ભેગું થઈ રહ્યું છે અને જળાશય વધુ ને વધુ મોટું થઈ રહ્યું છે. આ જગ્યાએ ભારતીય સેનાનો કેમ્પ હતો, હેલિપેડ પણ હતું. હવે એ બધું સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયું છે. આ નવું બનેલું સરોવર એટલું વિશાળ છે કે એમાં ધરાલી–હર્ષિલ હાઈવે પણ ગરકાવ થઈ ગયો છે, જેને લીધે વાહન વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. પહેલાથી જ ભૂસ્ખલન અને પૂર સામે લડી રહેલા સૈનિકો તથા રાહતદળો માટે આ નવી પરિસ્થિતિ વધુ પડકારજનક બની રહી છે. પાણીનું દબાણ હદપાર વધી જાય તો ડેમ તૂટે અને એમ થાય તો જળાશયમાં સંગ્રહાયેલું પાણી ધસમસતું આગળ વધીને ખતરનાક રૂપ ધારણ કરી શકે એમ છે. આવી દુર્ઘટના જાન-માલની ભારે ખાનાખરાબી સર્જી શકે છે. હર્ષિલની પરિસ્થિતિ નાજુક છે, તેથી ભારતીય સેનાએ હેલિકોપ્ટર અને બચાવ ટુકડીઓ તૈનાત કરી છે. પાણીમાં ગરકાવ થયેલા માર્ગો અને વધતા જળસ્તરને કારણે રાહત કામગીરી અત્યંત કઠિન બની છે. સ્થાનિક વહીવટીતંત્ર અને સૈનિક દળો મળીને સંકટને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેથી કોઈ મોટી આપત્તિ ટાળી શકાય.

EDના રોબર્ટ વાડરા સામે ગંભીર આરોપ

# ગુરુગ્રામમાં ૩.૫ એકર જમીન લાંચ તરીકે મળી

### આ જમીન બાદમાં રિયલ એસ્ટેટ કંપની દિલ્હી લેન્ડ એન્ડ ફાઈનાન્સને ૫૮ કરોડ રૂપિયામાં વેચી દેવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રા પર ગંભીર આરોપો લગાવ્યા છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, ’રોબર્ટ વાડ્રાએ ગુરુગ્રામમાં ૩.૫ એકર જમીન લાંચ તરીકે લીધી હતી,તેના માટે ૭.૫ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. આ જમીન બાદમાં રિયલ એસ્ટેટ કંપની દિલ્હી લેન્ડ એન્ડ ફાઈનાન્સ (DLF)ને ૫૮ કરોડ રૂપિયામાં વેચી દેવામાં આવી હતી.’

ઈડી દ્વારા દાખલ કરાયેલ ચાર્જશીટ અનુસાર, ઓંકારેશ્વર પ્રોપર્ટીઝ પ્રાઈવેટ લિમિટેડ (OPPL)એ આ જમીન સ્કાયલાઈટ હોસ્પિટાલિટી પ્રાઈવેટ લિમિટેડ (SLHPL)ને ચૂકવણી કર્યા વિના આપી હતી. જેથી રોબર્ટ વાડ્રા પોતાના અંગત પહોંચનો ઉપયોગ કરીને તત્કાલીન હરિયાણાના મુખ્યમંત્રી અને ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ મંત્રી ભૂપિન્દર સિંહ હુડા પાસેથી ઓપીપીએલ માટે હાઉસિંગ લાઈસન્સ મેળવી શકે. આ ઉપરાંત તત્કાલીન કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીના જમાઈ હોવાને કારણે રોબર્ટ વાડ્રાનો ભૂપિન્દર સિંહ હુડા પર વ્યક્તિગત પ્રભાવ હતો. આ જમીન ૧૨મી ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ રજીસ્ટર કરવામાં આવી હતી, જેમાં ૭.૫ કરોડ રૂપિયાની ચુકવણી ચેક નંબર ૬૦૭૨૫૧ દ્વારા દર્શાવવામાં આવી હતી. પરંતુ આ ચેક ક્યારેય ક્લિયર થયો ન હતો. છ મહિના પછી બીજા ચેક દ્વારા ચુકવણી કરવામાં આવી હતી. આ ચેક સ્કાયલાઈટ રિયલ્ટી પ્રાઈવેટ લિમિટેડ (SLRPL)નો હતો, ખરીદનાર કંપની એસએલએચપીએલનો નહીં. એસએલએચપીએલની મૂડી માત્ર ૧ લાખ રૂપિયા હતી અને એસએલઆરપીએલના ખાતામાં ૭.૫ કરોડ રૂપિયા નહોતા. ૪૫ લાખ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી પણ વાડ્રાની કંપની દ્વારા નહીં, પણ વેચનાર દ્વારા ચૂકવવામાં આવી હતી. ઈડીના મતે રજિસ્ટ્રીમાં ખોટી ચુકવણી બતાવીને સોદો બેનામી રીતે કરવામાં આવ્યો હતો.ઈડીએ રોબર્ટ વાડ્રા સાથે જોડાયેલી ઓછામાં ઓછી ત્રણ મોંઘી મિલકતો જપ્ત કરી છે, જેનો ઉલ્લેખ પ્રિયંકા ગાંધીએ નવેમ્બર ૨૦૨૪માં વાયનાડથી લોકસભા ચૂંટણી દરમિયાન આપેલા સોગંદનામામાં કર્યો ન હતો. કેરળ હાઈકોર્ટે આ મામલે પ્રિયંકાને નોટિસ ફટકારી હતી. જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ ચૂંટણી સોગંદનામામાં ખોટી અથવા અધૂરી માહિતી આપવી એ ભ્રષ્ટ પ્રથા માનવામાં આવે છે, જેના કારણે ગેરલાયક ઠેરવવામાં આવી શકે છે અને જેલની સજા પણ થઈ શકે છે.૧૬મી જુલાઈ ૨૦૨૫ના રોજ ઈડીએ ૩૭ કરોડ રૂપિયાથી વધુની મિલકતો જપ્ત કરી હતી. ૧૭મી જુલાઈ ૨૦૨૫ના રોજ ગુરુગ્રામ જમીન ડીલ પર ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ૨૮મી ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ખાસ પ્રિવેન્શન ઓફ મની-લોન્ડરિંગ એક્ટ કોર્ટ કેસની સુનાવણી કરશે અને આરોપો ઘડવાનો નિર્ણય લેશે. આ કેસમાં કુલ ૧૧ આરોપીઓ છે, જેમાં રોબર્ટ વાડ્રા અને OPPL પ્રમોટરો સત્યાનંદ યાદવ અને કેવલ સિંહ વિર્કનો સમાવેશ થાય છે.

# ધૂરંધર બોલર આર.અશ્વિન CSKનો સાથ છોડી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

IPL 2026 પહેલા ચાહકો માટે મોટા સમાચાર આવી રહ્યા છે. કેટલાક ખેલાડીઓને તેમની સંબંધિત ફ્રેન્ચાઈઝીથી અલગ કરવામાં આવ્યા છે અથવા છોડી દેવામાં આવ્યા છે તેવા સમાચાર સામે આવી રહ્યા છે.

ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) કેમ્પમાંથી આવા જ એક સમાચાર આવી રહ્યા છે. રિપોર્ટ પ્રમાણે ટીમ ઈન્ડિયાના ધૂરંધર બોલર રવિચંદ્રન અશ્વિન IPL 2026 પહેલા CSK ફ્રેન્ચાઈઝથી અલગ થઈ શકે છે, જોકે હજુ સુધી આ અંગે કોઈ અધિકૃત પુષ્ટિ થઈ નથી. ચેન્નઈમાં CSKના કેટલાક મોટા અધિકારીઓ અને ખેલાડીઓ વચ્ચે તાજેતરમાં થયેલી બેઠકો બાદ આવી અટકળો વહેતી થઈ છે. CSKનો મહત્ત્વપૂર્ણ ભાગ એમએસ ધોની અને યુવા કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ પણ આ બેઠકોમાં હાજર હતા. IPL 2025 ની હરાજીમાં CSK દ્વારા રવિચંદ્રન અશ્વિનને ૯.૭૫ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યો હતો. તે એક પ્રકારનું ઘર વાપસી હતું, કારણ કે તે ૯ વર્ષ પછી ફરીથી CSKમાં વાપસી કરી હતી. તેણે ચેન્નઈથી જ પોતાની આઈપીએલ કારકિર્દી શરૂ કરી હતી અને એ પછી ૨૦૦૮ થી ૨૦૧૫ સુધી તે ટીમનો મહત્ત્વપૂર્ણ ભાગ રહ્યો હતો.

# મમતા સરકાર વિરુદ્ધ દેખાવ કરી રહેલી ભીડ સાથે પોલીસની ઝપાઝપી

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળની આરજી કર હોસ્પિટલમાં મહિલા ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યા કેસના એક વર્ષ પૂર્ણ થતા ભાજપના નબન્ના અભિયાન દરમિયાન કોલકાતા અને હાવડા વિસ્તારમાં દેખાવ કરી રહેલા લોકો અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ હતી, જેમાં પીડિતાના માતા-પિતા ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસ સાથેના ઘર્ષણમાં ભાજપના નેતા અર્જુન સિંહ પણ ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા શુભેન્દુ અધિકારી ધરણા પર બેઠા છે.અહેવાલો અનુસાર, શનિવારે (નવમી ઓગસ્ટ) પશ્ચિમ બંગાળમાં ભાજપના નબન્ના અભિયાનને લઈને ખૂબ જ હંગામો થયો હતો. કોલકાતાના પાર્ક સ્ટ્રીટ પર પોલીસ અને દેખાવકારો વચ્ચે ઘર્ષણ થયું હતું. જ્યા શુભેન્દુ અધિકારી અને અગ્નિમિત્ર પોલ સહિતના ભાજપના નેતાઓ પાર્ક સ્ટ્રીટ પર ધરણા પર બેઠા હતા.

વિધાનસભાની બહાર ઊભા રહીને શુભેન્દુ અધિકારીએ મમતા સરકાર અને પોલીસ સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્યારબાદ તેમણે શંકર ઘોષ સહિત ૧૫ ભાજપના ધારાસભ્યો સાથે સરઘસ કાઢ્યું હતું. જે પાર્ક સ્ટ્રીટ પાસે સરઘસ અટકાવવામાં આવ્યું. ત્યારબાદ શુભેન્દુ અધિકારીએ સરઘસનો રૂટ બદલી નાખ્યો અને પાર્ક સ્ટ્રીટ ચોકડી પર ગયા અને વિરોધ પ્રદર્શનમાં જોડાયા. આ દરમિયાન દેખાવકારોની પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# વિક્લી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૨૬૯૯ અને ચાંદીના વાયદામાં રૂ.૪૩૧૪નો સાપ્તાહિક ધોરણે ઉછાળોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૪૪૮ લપસ્યો

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૧થી ૭ ઓગસ્ટના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૪૫૫૩૫૨.૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૭૪૮૫૪.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૨૮૦૪૮૫.૬૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૫૪૭ પોઈન્ટના સ્તરે હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૩૩૫૦.૩૩ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૨૯૧૬૩.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮૭૦૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૨૧૫૫ અને નીચામાં રૂ.૯૮૨૯૨ના મથાળે અથડાઈ, રૂ.૯૮૭૬૯ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૬૯૯ના ઉછાળા સાથે રૂ.૧૦૧૪૬૮ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો સપ્તાહના અંતે ૮ ગ્રામદીઠ રૂ.૧૭૫૪ ઊછળી રૂ.૮૦૯૬૨ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૧૦ની તેજી સાથે સપ્તાહના અંતે રૂ.૧૦૧૩૯ના ભાવે બંધ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૭૭ની વૃદ્ધિ સાથે સપ્તાહના અંતે રૂ.૧૦૦૮૩૫ થયો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮૪૦૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૧૬૧૫ અને નીચામાં રૂ.૯૮૧૧૧ના મથાળે અથડાઈ, રૂ.૯૮૫૯૬ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૩૪૮ના ઉછાળા સાથે રૂ.૧૦૦૯૪૪ થયો હતો.

## સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૭૪૮૫૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૨૮૦૪૮૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૨૯૧૬૩ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૫૪૭ પોઈન્ટના સ્તરે

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૦૯૮૫૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૫૪૧૭ અને નીચામાં રૂ.૧૦૯૧૧૩ના મથાળે અથડાઈ, રૂ.૧૦૯૯૭૨ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૪૩૧૪ના ઉછાળા સાથે રૂ.૧૧૪૨૮૬ના ભાવે બંધ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો સપ્તાહના અંતે રૂ.૪૧૫૭ ઊછળી રૂ.૧૧૪૦૪૪ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૪૧૧૩ની તેજી સાથે સપ્તાહના અંતે રૂ.૧૧૩૯૯૫ના સ્તરે બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૮૬૬૪.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું ઓગસ્ટ વાયદો રૂ.૪.૬ વધી રૂ.૮૮૦.૭૫ના સ્તરે બંધ થયો હતો. જસત ઓગસ્ટ વાયદો રૂ.૨.૯૫ વધી રૂ.૨૬૮.૫ થયો હતો. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો રૂ.૨.૬ વધી રૂ.૨૫૩.૦૫ના ભાવે બંધ થયો હતો. સીસું ઓગસ્ટ વાયદો રૂ.૧.૬૫ વધી રૂ.૧૮૧.૧૫ના ભાવે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૩૬૯૯૧.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૮૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૪૯૪ અને નીચામાં રૂ.૪૪૪૩ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૨૭ ઘટી રૂ.૪૪૫૯ના સ્તરે બંધ થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૯૫૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૦૮૯ અને નીચામાં રૂ.૫૫૮૯ના સ્તરને સ્પર્શી, રૂ.૬૦૫૨ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૪૪૮ ઘટી રૂ.૫૬૦૪ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો સપ્તાહના અંતે રૂ.૪૪૬ ઘટી રૂ.૫૬૦૭ થયો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૧ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૬૮.૭ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો સપ્તાહના અંતે રૂ.૩.૧ ઘટી રૂ.૨૬૮.૭ના સ્તરે બંધ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૨૯.૮ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૯.૪ વધી રૂ.૯૫૫.૪ થયો હતો. એલચી ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૮૧૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૨૮૧૦ અને નીચામાં રૂ.૨૫૪૯ના સ્તરને સ્પર્શી, રૂ.૨૭૮૬ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૦૪ ઘટી રૂ.૨૫૮૨ના સ્તરે બંધ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૮૪૨૧૯.૮૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪૪૯૪૪.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૫૩૪૭.૫૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૦૮૬.૫૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૧૦.૭૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૦૧૯.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૪૮.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૧૨૦૦૨.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૪૯૩૯.૯૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૨૭.૩૬ કરોડ અને એલચીના વાયદાઓમાં રૂ.૭.૫૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૧૫૭૬૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૭૯૩૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૫૫૦૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૮૧૨૫૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૮૭૮૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૬૦૧૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૮૦૨૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૯૯૭૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૯૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૨૭૯૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૪૧૯૫ લોટ, મેન્થા તેલના વાયદાઓમાં ૪૪૨ લોટ અને એલચીના વાયદાઓમાં ૮૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૨૮૩૦ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૨૩૭૦૦ પોઈન્ટ અને નીચામાં ૨૨૭૮૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૬૬૨ પોઈન્ટના ઉછાળા સાથે ૨૩૫૪૭ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

# ભાવનગર રેલવે મંડળમાં યોજાયો સઘન સ્વચ્છતા અભિયાન





પશ્ચિમ રેલવેના ભાવનગર રેલવે મંડળમાં "સ્વચ્છતા અભિયાન – ૨૦૨૫" અંતર્ગત શુક્રવારે સઘન સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. આ અભિયાન C&W સિક લાઈન-ભાવનગર, C&W સિક લાઈન-વેરાવળ, ટ્રેન ડ્યૂટી ઓફિસ-પોરબંદર, ટ્રેન ડ્યૂટી ઓફિસ-ધોળા, ટ્રેન ડ્યૂટી ઓફિસ-બોટાદ સ્ટેશન, બોટાદ રેલવે કોલોની, જેતલસર યાર્ડ, ધોળા રેલવે કોલોની અને જામજોધપુર રેલવે સ્ટેશન પરિસરમાં યોજાયું હતું, જ્યાં રેલવે કર્મચારીઓએ મળીને સ્વચ્છતાના મહત્ત્વને પ્રોત્સાહન આપવા માટે વ્યાપક સફાઈ કાર્ય કરી "સ્વચ્છતા અભિયાન ૨૦૨૫"ને સફળ બનાવ્યું હતું. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી અનુસાર આ અભિયાનનો હેતુ રેલવે પરિસર, પ્લેટફોર્મ, ટ્રેનો અને કચેરીઓમાં સ્વચ્છતાના સ્તરને વધુ સુધારવો તથા મુસાફરોમાં સફાઈ પ્રત્યે જાગૃતિ વધારવાનો હતો. અભિયાન અંતર્ગત—

- સ્ટેશન પરિસર, મુસાફરો માટેના પ્રતીક્ષાલય, શૌચાલય, પ્લેટફોર્મ તથા પટરીઓની ગહન સફાઈ કરવામાં આવી.
- મુસાફરોને પોલિથિનનો ઉપયોગ ન કરવા તથા કચરો નિર્ધારિત ડબ્બામાં નાખવા પ્રેરિત કરવામાં આવ્યા.
- પોસ્ટર, બેનર અને માઈક દ્વારા જાહેરજાગૃતિ સંદેશો પ્રસારિત કરાયા.
- પ્લેટફોર્મ, ટ્રેક, યાર્ડ અને સિક લાઈન વિસ્તારની સફાઈ.
- અનાવશ્યક કબાડ અને બિનજરૂરી સામગ્રીની ઓળખ તથા દૂર કરવાનું કાર્ય.
- કર્મચારીઓને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવા માટે પ્રેરણાત્મક વાતચીત.
- બાયો-ટોયલેટ્સ, ક્લીનિંગ ઉપકરણો અને વોશિંગ પોઈન્ટ્સની સફાઈ.
- કચરાનું વિભાજન, ભીનું/સૂકું કચરાના નિકાલ અંગે માર્ગદર્શન.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ સ્વચ્છતાનો સંદેશ આપતા જણાવ્યું કે, "સ્વચ્છતા માત્ર એક દિવસનો કાર્યક્રમ નથી, પરંતુ એ આપણી જવાબદારી છે અને એ આપણી આદત બનવી જોઈએ. મુસાફરો અને કર્મચારીઓ મળીને રેલવેને સ્વચ્છ અને સુંદર બનાવે." તેમણે મુસાફરોને અપીલ કરી કે તેઓ ટ્રેન અને સ્ટેશન પરિસરને સ્વચ્છ રાખવામાં પોતાનો યોગદાન આપે અને આ અભિયાનને સતત સફળ બનાવે.

### BSF જવાનોને રાખડી બાંધતા ભાવુક દ્રશ્યો સર્જાયા

# ધાનેરાની વિદ્યાર્થિનીઓએ નડાબેટ બોર્ડર પર ઉજવ્યો રક્ષાબંધન પર્વ

(સંપૂર્ણ સમાચાર સેવા)નડાબેટ

આજે શ્રવણ સુદ પૂનમના દિવસે આખો દેશ રક્ષાબંધનના પર્વ ઉજવી રહ્યો છે. દરેક બહેનો પોતાના ભાઈના ઘરે પહોંચી ભાઈની કલાઈ પર રક્ષા કાજે રાખી બાંધી રહી છે, ત્યારે પોતાના પરિવારથી હજારો કિલોમીટર દુર બોર્ડર પર દેશનું રક્ષણ કરતા આર્મી જવાનો આ તહેવાર પરિવાર સાથે ઉજવી શકતા નથી, ત્યારે ધાનેરાની આવેલ સૂર્યોદય આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજની બહેનોએ બનાસકાંઠા જિલ્લામાં આવેલા ભારત-પાકિસ્તાન ઈન્ટરનેશનલ બોર્ડર નડાબેટ ખાતે પહોંચી રક્ષાબંધન પર્વ ઉજવ્યો હતો. આજે રક્ષાબંધન પર દરેક બહેનો પોતાના ભાઈના ઘરે પહોંચી ભાઈની કલાઈ પર ભાઈની રક્ષા કાજે રાખી બાંધતી હોય છે, પરંતુ આવા ભાઈ બહેનના પવિત્ર દિવસે પણ દેશના રક્ષકો એટલે કે આપણા દેશના જવાનો દેશની સીમા પર દેશના દુસ્મનો સામે પહેરો જમાવી બેઠા હોય છે અને તેઓ પરિવાર સાથે આ પર્વની ઉજવણી કરી શકતા નથી. ત્યારે સૂર્યોદય કોલેજની અંદાજીત ૧૦૦ જેટલી વિદ્યાર્થિનીઓ આજે નડાબેટ બોર્ડર ખાતે પહોંચી હતી અને આર્મીના તમામ જવાનો રક્ષા કવચ બાંધ્યું હતું અને તમામ આર્મી ભાઈઓના લાંબા આયુષ્યની પ્રાર્થના કરી હતી છે.

સામાન્ય રીતે દર વર્ષે આ કોલેજની વિદ્યાર્થિનીઓ પોતાના પરિવાર સાથે અને પોતાના ભાઈ સાથે રક્ષાબંધનનો પર્વ મનાવતી હોય છે. પરંતુ આજે આ વિદ્યાર્થિનીઓ દેશના જવાનો સાથે રક્ષાબંધન મનાવતા બહેનો પણ ખુશ ખુશાલ બની ગઈ હતી. તમામ બહેનોએ થાળીમાં કંકુ, ચોખા, મીઠાઈ અને રાખડી સાથે બોર્ડર પર જઈ BSFના જવાનોને તિલક કરી રાખડી બાંધી હતી અને મો મીઠું કરાવી પોતાના ભાઈ સમા દેશના જવાનોની દીર્ઘાયુ માટે ભગવાનને પ્રાર્થના કરી હતી.

આ દરમિયાન બીએસએફના જવાનોએ પણ પોતાની બહેનસમી આ કોલેજની વિદ્યાર્થિનીઓની સંપુર્ણ રક્ષા કરવાના આશીર્વાદ આપ્યા હતા. ભાઈ બહેનના પવિત્ર તહેવારની ઉજવણી સમગ્ર દેશમાં તો ખરીજ પરંતુ ભારત પાકિસ્તાનની ઈન્ટરનેશનલ નડાબેટ બોર્ડરના આ આહલાદક દ્રશ્યો સર્જાયા હતા, જ્યાં સૌ કોઈની આંખમાં ખુશીના આંસુ જોવા મળ્યા હતા. દેશની સુરક્ષા કાજે રક્ષાબંધનના તહેવાર પર પણ આ જવાનો દુશ્મનો સામે પહેરો જમાવી બેઠા છે. ત્યારે આ જવાનો સાથે રક્ષાબંધનના પર્વની ઉજવણી કરવા પહોંચેલી બહેનોને જોઈ જવાનોમાં અનેરો ઉત્સાહ સાથે બીએસએફના જવાનોની આંખોમાં પણ હર્ષના આંસુ જોવા મળ્યા હતા અને બહેનોનું આજીવન રક્ષણ કરવાનું વચની આપ્યું હતુ

નોંધનીય છે કે, આ જવાનો પોતાના વતથી કોસો માઈલ દૂર ઠંડી, ગરમી કે વરસાદ, કોઈ પણ પરિસ્થિતિમાં બોર્ડર પર ખડેપગે રહી દેશનું અને દેશની જનતાનું રક્ષણ કરી રહ્યા છે, ત્યારે પોતાની સગી બહેનો તો અહીં પહોંચી શકતી નથી, પરંતુ કોલજની આ વિદ્યાર્થિનીઓને જોતા જ તેઓ ભાવૂક થઈ ગયા હતા, તો બીજી તરફ બહેનો જ્યારે ભારત પાકિસ્તાન ઈન્ટરનેશનલ બોર્ડર પર દેશ માટે દિવસ રાત ફરજ બજાવતા બીએસએફના જવાનોના ચહેરા પરની ખુશી જોઈને સૂર્યોદય કોલેજની વિદ્યાર્થિનીઓનો ૧૫૦ કિમી દૂરનો થાક ઉતરી ગયો હતો અને બોર્ડર પર ઈમોશનલ દ્રશ્યો સર્જાયા હતા.

### ગુનેગાર પ્રેમી હાઈકોર્ટ પહોંચ્યોને ખુલ્યા રાજ

# થરાદમાં પ્રેમ સબંધથી નારાજ પિતા-કાકાએ દીકરીને મોતને ઘાટ ઉતારી

## કોર્ટના આદેશ બાદ પોલીસે તપાસ કરી આરોપી કાકાની ધરપકડ કરી છે જ્યારે ફરાર પિતાની તપાસ ચાલું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

જિલ્લાના સહરદી વિસ્તારમાં ઓનર કિલિંગની એક ચોંકાવનારી ઘટનાએ આખા ગુજરાતમાં ખળભળાટ મચાવ્યો છે. આ ઘટનામાં પ્રેમી સાથે મૈત્રિ કરાર બેઠળ લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી જુવાનજોધ દીકરીને તેના જ પિતા અને કાકાએ મળીને મોતને ઘાટ ઉતારી દીધી છે. આટલું જ નહીં તેમને આખો કાંડ કર્યા બાદ કોઈની જાણ બહાર તેના અંતિમ સંસ્કાર પણ કરી દીધા હતા. જોકે બનાવ પહેલાના ઘટનાક્રમને ધ્યાને લઈને તેના કથિત પ્રેમી હાઈકોર્ટ પહોંચ્યો ત્યારે સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો અને કોર્ટના આદેશ બાદ પોલીસે તપાસ કરી આરોપી કાકાની ધરપકડ કરી છે જ્યારે ફરાર પિતાની તપાસ ચાલું છે. ફરિયાદ મુજબ, થરાદ તાલુકાના દાંતિયા ગામે રહેતા સેંધભાઈ દરઘાબાઈ ચૌધરીની પુત્રી ચંદ્રિકા પાલનપુરમાં હોસ્ટેલમાં રહીને NEET પરીક્ષાની તૈયારી કરી રહી હતી. આ દરમિયાન, તેનો સંપર્ક થરાદ તાલુકાના વડગામડા ગામના હરેશ ચૌધરી નામના યુવક સાથે થયો હતો. બંને વચ્ચે મિત્રતા થઈ, જે પાછળથી પ્રેમ સંબંધમાં બદલાઈ ગઈ હતી. જેથી ચંદ્રિકા અને હરેશે લગ્ન કરવાનું નક્કી કર્યું અને ૪ મે, ૨૦૨૫ના રોજ, ચંદ્રિકા પરિવારના લગ્નમાં હાજરી આપવા પાલનપુરથી દાંતિયા આવી હતી. આ દરમિયાન, તેણે પરિવારને પોતાના પ્રેમ સંબંધ અને લગ્નની ઈચ્છા વિશે જણાવ્યું, પરંતુ પરિવારે તેને ચંદ્રિકાના પરિવારે આ સંબંધનો સખત વિરોધ કર્યો હતો.

આ ઘટના બાદ, ચંદ્રિકાને તેનો પરિવાર દબાણપૂર્વક ઘરે લાગ્યો અને તેનો દ્રઈઈ સહિતનો અભ્યાસ પણ બંધ કરાવી દીધો હતો. આ ઉપરાંત અન્ય જગ્યાએ ચંદ્રિકાના લગ્ન કરાવવાનો પ્રયાસ પણ હતો. આ તમામ ઘટનાની વાત ચંદ્રિકા, તેના પ્રેમી હરેશને કોલ તથા સોશિયલ મીડિયાના માધ્યમથી કરતી હતી. ખાસ આ બાબતે ચંદ્રિકાએ સોશિયલ મીડિયા મારફતે હરેશને જાણ કરી અને કહ્યું કે, આપણા પ્રેમ સંબંધની વાત મારા પરિવારજનોને ખબર પડી ગઈ છે અને તેઓએ મારો અભ્યાસ બંધ કરાવી દીધો છે, હવે તેઓ મારા લગ્ન બીજી જગ્યાએ કરાવી દેશે. જેથી તું મને અહીંથી લઈ જા.

આ મેજેસ મળતા જ હરીશે ચંદ્રિકાને તારીખ ૪ જૂન ૨૦૨૫ના રોજ ચંદ્રિકા અમદાવાદ ખાતે લઈ આવ્યો હતો અને બંનેએ રાજી ખુશીથી મૈત્રી કરાર કર્યા હતા. જે બાદ બંને લીવ-ઈન રિલેશનશિપમાં રહેવા લાગ્યા અને પહેલા મધ્યપ્રદેશ તથા બાદમાં રાજસ્થાનમાં ફરવા માટે ગયા હતા. દરમિયાન બીજી તરફ ચંદ્રિકાના પરિવારજનોએ તેના ગુમ થયાની અરજી થરાદ પોલીસ મથકે આપતા પોલીસે ચંદ્રિકાની શોધખોળ હાથ ધરી હતી. જે દરમિયાન રાજસ્થાનના ભાલેસરથી ચંદ્રિકા અને હરેશ મળી આવતા થરાદ પોલીસે બંનેને થરાદ પોલીસ મથકે હાજર કર્યા હતા અને ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ, ચંદ્રિકાને તેના પરિવારને સોંપી હતી.

આ સમગ્ર ઘટના બાદ ચંદ્રિકાના પરિવારે મૈત્રી કરાર મંજૂર ન કર્યો અને ચંદ્રિકાના અન્ય જગ્યાએ લગ્ન કરાવવાનું નક્કી કર્યું. આ સમયે પણ ચંદ્રિકા, ફોન મારફતે પ્રેમી હરેશના સંપર્કમાં હતી. જેથ ચંદ્રિકાના પરિવારે તેને મોતને ઘાટ ઉતારવાનું કાવતરું રચ્યું હતું. જેની જાણ થતા જ ચંદ્રિકાએ હરેશને સોશિયલ મીડિયા મારફતે ઈસ્ટાગ્રામ પર મેસેજ કર્યો હતા કે, તું મને અહીંયાથી લઈ જા, નહિંતર મારો પરિવાર મને મારી નાખશે. (આ ઈમોશનલ મેસેજ પણ હાલ સામે આવ્યા છે.) પરંતુ હરેશ કંઈ કરી શકે તે પહેલા જ પિતા સેંધાભાઈ અને કાકા શિવરામભાઈએ ચંદ્રિકાનું ઢીમ ઢાળી દીધું હતું અને તેના અંતિમ સંસ્કાર પણ કરી નાખ્યા હતા.

આ બાબતની હરેશને જાણ થતા જ તેણે હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ (કોઈએ બંધકને, હાજર કરવા માટેની અરજી) અરજી કરી હતી. જે બાદ હાઈકોર્ટે ચંદ્રિકાને હાજર કરવા માટે પોલીસને નોટિસ આપી હતી. હાઈકોર્ટના આદેશ બાદ પોલીસે તપાસ શરુ કરી, ત્યારે પોલીસને ચંદ્રિકાના મોત અંગે શંકા જણાતા કાકા શિવરામભાઈ પટેલની અટકાયત કરી પૂછતાછ હાથ ધરી હતી. જે દરમિયાન શિવરામભાઈ પટેલે અને તેમના ભાઈ સેધાભાઈ પટેલે ચંદ્રિકાની હત્યા કરી હોવાની કબુલાત કરી હતી.

ચંદ્રિકાના કાકા શિવરામભાઈની કબુલાત અનુસાર, કાકા-પિતાએ સાથે મળીને ૨૪ જુનની રાતે ચંદ્રિકાને ઊંઘની ગોળી આપી, દુપટ્ટાથી ગળે ટૂંપો આપી મોતને ઘાટ ઉતારી દીધી હતી, જે બાદ સવારે ચંદ્રિકાની હત્યા થઈ હોવાના પુરાવા ન મળે તે માટે રાતોરાત બંને ભાઈઓએ ભેગા મળી ચંદ્રિકાના મૃતદેહને પોતાના ગામમાં આવેલ સ્મશાનમાં અગ્નિદાહ આપી અંતિમ સંસ્કાર પણ કરી દીધા હતા અને ચંદ્રિકાના મર્ડરને નેચરલ ડેથમાં ખપાવવાનો પ્રયત્ન કર્યો હતો. પ્લાનિંગ મુજબ તેઓ સફળ પણ થયા, પરંતુ પ્રેમી હરેશ ચૌધરીની એક હેબિયસ કોર્પસ અરજીને આધારે આખો ભાંડો ફૂટી ગયો.

મહત્વની વાત તો એ છે કે, હરેશ ચૌધરી પર કચ્છમાં પ્રોહીબેશનનો ગુનો પણ નોંધાયેલો છે. ઉપરાંત, હરેશ ચૌધરીના લગ્ન થઈ ગયા છે અને તેને એક છોકરી પણ છે, જોકે તેની પત્ની છેલ્લા કેટલાય સમયથી સાથે રહેતી નથી. જેથી તેને, ચંદ્રિકા ચૌધરી સાથે મૈત્રી કરાર કર્યા હતા હતા. જે બાબતે તે કેમેરા સામે કંઈક પણ બોલવા તૈયાર નથી. કારણ કે, ચંદ્રિકાના કેસમાં તેના આરોપી પિતા હાલ વોન્ટેડ છે અને તપાસમાં નુકસાન થઈ શકે તેમ છે, જેના કારણે તે આ કેસમાં કશું કહેવા માગતો નથી.

હાલ આ મામલે પોલીસે અલગ અલગ ટીમો બનાવી ચંદ્રિકાના ફરાર પિતા સેધાભાઈ પટેલની શોધખોળ હાથ ધરી છે.

નોંધનિય છે કે, દીકરીના પ્રેમ સબંધથી ના ખુશ પિતાએ કાકા સાથે મળીને આવો લોહીયાળ ખેલ ખેલી નાખ્યો છે, ત્યારે પ્રેમી સામે પહેલા પણ ગુનાઓ નોંધાયેલા હોવા છતાં, તેની હિમતના કારણે જ આ ઓનર કિલિંગની ઘટના સામે આવી છે. જેને આખા ગુજરાતને હચમચાવી મુક્યું છે. "બાપના હાથોમાં સુરક્ષિત બાળપણ વિતાવનાર દીકરીને ગળેટૂંપો દેતા એક બાપનો જીવ કેમનો ચાલ્યો હશે." તેવી ચર્ચાઓ ચારેય કોર ચાલી રહી છે. જેથી આ મામલે મૃતકના ફરાર પિતા પકડાયા બાદ વધુ તથ્યો બહાર આવવાની સંભાવનાઓ છે.

### કેમિકલ ઠાલવ્યાની આશંકા

# અમરેલીના મોટા લીલિયાના નિલકંઠ સરોવરનું પાણી અચાનક લીલું થઈ ગયું

## તંત્ર દ્વારા સરોવરના પાણીના સેમ્પલ લેવામાં આવ્યા છે, જેને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી રોડ પર આવેલા મોટા લીલિયાના પ્રખ્યાત નિલકંઠ સરોવરમાં કોઈ અજાણ્યા પદાર્થ ઠાલવવામાં આવ્યો હોવાની આશંકા સેવાઈ રહી છે, જેના કારણે સરોવરનું પાણી લીલુંછમ બની ગયું છે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકો અને તંત્રમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, નિલકંઠ સરોવરના પાણીનો રંગ અચાનક બદલાઈને લીલો થઈ ગયો હતો. આ બાબતની જાણ થતાં લીલિયાના સરપંચ દ્વારા તાત્કાલિક મામલતદાર સહિતના વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સરોવરના પાણીના સેમ્પલ લેવામાં આવ્યા છે, જેને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

નિલકંઠ સરોવર વિસ્તારમાં સિંહો તેમજ અન્ય વન્ય પશુ-પક્ષીઓની અવરજવર કાયમી રહે છે. જો પાણીમાં કેમિકલ જેવો કોઈ ઝેરી પદાર્થ ભળ્યો હોય, તો તેનાથી વન્યજીવોના સ્વાસ્થ્યને ગંભીર નુકસાન થઈ શકે છે. આથી, સ્થાનિક લોકોએ સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ કરીને દોષિતો સામે કડક કાર્યવાહી કરવા માટે માંગ કરી છે.

હાલમાં પાણીમાં નાખવામાં આવેલો પદાર્થ કેમિકલ છે કે કેમ, તે સ્પષ્ટ થયું નથી. પાણીના સેમ્પલનો રિપોર્ટ આવ્યા બાદ જ આ અંગેનો સાચો ખુલાસો થઈ શકશે. તંત્ર દ્વારા આ મામલે સઘન તપાસ ચાલી રહી છે અને રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે.


## પશ્ચિમ રેલ્વે

મટિરિયલ મેનેજમેન્ટ વિભાગ

**વિવિધ સામગ્રીનો પુરવઠો**

ઈ-પ્રોક્યુરમેન્ટ ટેન્ડર સૂચના નંબર. S/52/2025, તારીખ 07.08.2025

| ક્રમ નં. | આઇટમનું ટૂંકું વર્ણન | જથ્થો | ટી.ઓ.ડી. |
|---|---|---|---|
| 435 | પાતળી દિવાલવાળી E બીમનું કદ સિંગલ કોર x 300 ચોરસ મીમી | 14800 મીટર | 06-સપ્ટેમ્બર-25 |
| 436 | બેરિંગ શીલ્ડ DE બાજુ [એન્ડ શીલ્ડ] | 35 નંગ | 09-સપ્ટેમ્બર-25 |
| 437 | રબર સેન્ડવીચ યુનિટ. | 715 સેટ | 22-સપ્ટેમ્બર-25 |
| 438 | સ્ટેનલેસ સ્ટીલ 3-સીટર/2-સીટરનો પુરવઠો અને ફિટમેન્ટ. | 5 સેટ | 29-સપ્ટેમ્બર-25 |
| 439 | એર સ્પ્રિંગ એસેમ્બલીનો પુરવઠો | 560 નંગ | 07-ઓક્ટોબર-25 |
| 440 | 160 કેએન એર સ્પ્રિંગનો એક કોચ સેટ | 40 સેટ | 08-ઓક્ટોબર-25 |

**શુધ્ધિ પત્ર**

કૃપા કરીને ટેન્ડર સૂચના નંબર S-47-2025, તારીખ: 23.07.2025 ને ક્રમ નં. 398 પર જથ્થો "13 KM" તરીકે વાંચો.

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો.

0479

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly


### ૭૦-૭૦ હજાર રૂપિયાના હપ્તા લેવાતા હોવાનો આરોપ

# જૂનાગઢમાં ભાજપના જ ધારાસભ્ય પોલીસ સામે ધરણાં ઉપર બેઠા

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢના માણાવદર અને બાંટવા વિસ્તારમાં પોલીસની મિલીભગતથી ગેરકાયદે પ્રવૃત્તિ ચાલતી હોવાને લઈને ભાજપના જ ધારાસભ્યે ગંભીર આક્ષેપ કર્યા છે. જેને લઈને MLA અરવિંદ લાડાણી પોલીસ સામે ધરણાં પર બેઠા છે. ધારાસભ્યે માણાવદર અને બાંટવા પોલીસ દિવસના ૭૦-૭૦ હજાર રૂપિયાનો હપ્તા લેતી હોવાના આક્ષેપ કર્યા છે. ભાજપના ધારાસભ્ય અરવિંદ લાડાણી અને તેમના સમર્થકો માણાવદર પોલીસ સ્ટેશન સામે ધરણાં પર બેઠા છે. લાડાણીએ આક્ષેપ કર્યા છે કે, પોલીસ અધિકારીઓ હપ્તા લઈને હરતી ફરતી ક્લબ ચલાવાની મંજૂરી આપી રહ્યા છે. ક્લબના કારણે યુવાનો ગેરમાર્ગે જઈ રહ્યા છે. જૂનાગઢમાં ભાજપના જ ધારાસભ્યએ પોલીસ સામે ગંભીર આક્ષેપ મૂક્યા છે, ત્યારે પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. સમગ્ર મામલે ધારાસભ્યએ નિષ્પક્ષ તપાસ અને જવાબદાર અધિકારી સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. જ્યારે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પોલીસ પરના ગંભીર આક્ષેપ મામલે યોગ્ય તપાસના આદેશ આપ્યા હોવાનું સામે આવ્યું છે.



ભાઈ- બહેનના અપાર સ્નેહ અને અતૂટ લાગણીની અભિવ્યક્તિના પવિત્ર ઉત્સવ રક્ષાબંધન પર્વ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને વિવિધ સમાજ વર્ગોની બહેનોએ રક્ષા સૂત્ર રાખડી પ્રદાન કરી હતી. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયા, મહિલા ધારાસભ્યો અને મહિલા પોલીસકર્મીઓ સહિત રાજ્યના ખૂણે ખૂણેથી આવેલી બહેનોએ મુખ્યમંત્રીને રક્ષાસૂત્ર બાંધીને દીર્ઘાયુના આશીર્વાદ અને પ્રજાના કલ્યાણકારી કામો માટે સદાય કર્તવ્યરત રહેવાની શુભેચ્છાઓ પાઠવી હતી.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં પવિત્ર રક્ષાબંધન પર્વની ઉજવણી

### સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા અને મહિલા ધારાસભ્યશ્રીઓ સહિત રાજ્યના ખૂણે ખૂણેથી આવેલી બહેનોએ મુખ્યમંત્રીશ્રીને રાખડી બાંધી દીર્ઘાયુના આશીર્વાદ આપ્યા

ભાઈ- બહેનના અપાર સ્નેહ અને અતૂટ લાગણીની અભિવ્યક્તિના પવિત્ર ઉત્સવ રક્ષાબંધન પર્વ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને વિવિધ સમાજ વર્ગોની બહેનોએ રક્ષા સૂત્ર રાખડી પ્રદાન કરી હતી.

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા, મહિલા ધારાસભ્યશ્રીઓ અને મહિલા પોલીસકર્મીઓ સહિત રાજ્યના ખૂણે ખૂણેથી આવેલી બહેનોએ મુખ્યમંત્રીશ્રીને રક્ષાસૂત્ર બાંધીને દીર્ઘાયુના આશીર્વાદ અને પ્રજાના કલ્યાણકારી કામો માટે સદાય કર્તવ્યરત રહેવાની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ ઉજવણી દરમિયાન મુખ્યમંત્રીશ્રી સમક્ષ અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારની સાધના વિનય મંદિરના વિદ્યાર્થીઓએ ઓપરેશન સિંદૂરની સફળતા અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનની ઝાંખી કરાવતી તૈયાર કરેલી ૧૦૦ ફૂટ લાંબી રાખડી મુખ્યમંત્રીશ્રી સમક્ષ પ્રસ્તુત કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ગાંધીનગર ભાજપ પ્રદેશ મહિલા મોરચાની ટીમ, બ્રહ્માકુમારી તેમજ અન્ય સંસ્થાની બહેનો, વિવિધ શાળાની વિદ્યાર્થીનીઓ, પ્રજ્ઞાચક્ષુ બહેનો, દિવ્યાંગ બહેનો સહિત મોટી સંખ્યામાં બહેનોએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને રક્ષાસૂત્ર બાંધીને આ પાવન પર્વની ઉજવણી કરી હતી.

### નવરાત્રિમાં ડિસ્કો દાંડિયા પર પ્રતિબંધ

# પાટીદાર સમાજની દીકરીઓ માટે લેવાયા મોટા નિર્ણય

### ગરબા કલાસિસના સંચાલકો સહકાર નહીં આપે તો કાયદો હાથમાં લેતા પણ પાટીદારો સમાજ અચકાશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી

મોરબીમાં ડિસ્કો ડાંડીયા ક્લાસીસમાં દૂષણ બંધ કરવા માટે પાટીદાર સમાજે એલાન કર્યું હતું અને તેના ભાગરૂપે આજે રક્ષાબંધનના દિવસથી મોરબીની પાટીદાર બહેનો માટે કન્યા છાત્રાલય ખાતે ગરબા ક્લાસીસ પાટીદાર સમાજ દ્વારા શરૂ કરવામાં આવશે અને પાટીદાર સમાજ દ્વારા ચાર મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. તેમાં સહકાર આપવાની ગરબા ક્લાસીસના સંચાલકોએ પણ ખાતરી આપી છે. જો ગરબા કલાસિસના સંચાલકો સહકાર નહીં આપે તો કાયદો હાથમાં લેતા પણ પાટીદારો સમાજ અચકાશે નહીં તેવું પાટીદાર અગ્રણીઓએ જણાવ્યું છે.

છેલ્લા વર્ષોમાં ડિસ્કો દાંડિયા ક્લાસીસના કારણે છેડતી સહિતના પ્રશ્નો સામે આવ્યા હતા જેને ધ્યાનમાં રાખીને પાટીદાર સમાજ દ્વારા ચાર દિવસ પહેલા રવાપર ચોકડી પાસે પાટીદાર જન ક્રાંતિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું અને ડિસ્કો ડાંડીયા ક્લાસીસ મોરબીમાં ચલાવવા દેવામાં નહીં આવે તેવું એલાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પાટીદાર અગ્રણીઓ અને ગરબા ક્લાસીસના સંચાલકો સાથે બેઠક યોજાઈ હતી અને મોરબીમાં ડિસ્કો ડાંડીયા ક્લાસીસ બાબતે મહત્વના ચાર નિર્ણયો પાટીદાર સમાજના આગેવાનો, સીરામીક ઉદ્યોગકારો અને પાટીદાર સમાજના બહેનો દ્વારા લેવામાં આવ્યા છે.

કયા કયા નિર્ણયો લેવાયા

પાટીદારોના કોઈપણ વિસ્તારમાં ડિસ્કો ડાંડીયા ક્લાસીસ ચલાવવા દેવામાં આવશે નહીં

અન્ય કોઈપણ વિસ્તારમાં ડિસ્કો ડાંડીયા ક્લાસીસ ચાલુ હોય ત્યાં પાટીદાર યુવક- યુવતીઓને એન્ટ્રી આપવી નહીં

જો પાટીદારોના કોઈપણ વિસ્તારમાં એપાર્ટમેન્ટના પાર્કિંગ કે કોમન પ્લોટમાં ગરબા શીખવા માટેનું આયોજન કરવામાં આવે તો ત્યાં કોરિયોગ્રાફર જઈને શીખવે તેવી વ્યવસ્થા ઊભી કરવી

રક્ષાબંધનના તહેવારથી મોરબીમાં નવા બસ સ્ટેશન પાછળ કન્યા છાત્રાલયમાં પાટીદાર સમાજની દીકરીઓ માટે ગરબા શીખવવા માટે ગરબા ક્લાસીસ શરૂ કરવામાં આવશે

આમ, પાટીદાર સમાજ દ્વારા આ મહત્વની જાહેરાત કરવામાં આવી હતી. આ બધા જ નિર્ણયોમાં ગરબા ક્લાસીસના સંચાલકો દ્વારા પાટીદાર સમાજને સહકાર આપવા માટેની ખાતરી આપવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાટીદાર સમાજ દ્વારા આજે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી અને હાલમાં જે નિર્ણયો ડિસ્કો ડાંડિયા ક્લાસીસ અને ગરબા ક્લાસીસને લઈને લેવામાં આવ્યા છે તેમાં સહકાર આપવાની ખાતરી ગરબા ક્લાસીસ વાળા આપી રહ્યા છે. જો કે, નિર્ણયનો ભંગ કરવામાં આવશે તો પાટીદાર સમાજના અગ્રણીઓ અને યુવાનો પ્રથમ હાથ જોડીને અને ત્યારબાદ કાયદો હાથમાં લઈને ડિસ્કો ડાંડિયા ક્લાસીસ બંધ કરાવશે તેવી પણ ચીમકી ઉતારવામાં આવી છે.

### બધાને રડાવી દીધા ભાઈ-બહેનની આ કહાનીએ

# મોત પછી પણ ગુજરાતી બહેને ભાઈના હાથે બાંધી રાખડી

### ગુજરાતની રહેવાસી ૯ વર્ષની રિયા મિસ્ત્રી બ્રેઈન ડેડ થઈ ગઈ હતી, જેના પછી તેના અંગોનું દાન કરવામાં આવ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગયા વર્ષે, ગુજરાતની રહેવાસી ૯ વર્ષની રિયા મિસ્ત્રી બ્રેઈન ડેડ થઈ ગઈ હતી, જેના પછી તેના અંગોનું દાન કરવામાં આવ્યું હતું. રિયાનો જમણો હાથ બીજી છોકરીને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યો હતો, આ રીતે રિયાનું મૃત્યુ થયું હતું, પરંતુ તેનો હાથ હજુ પણ જીવંત છે.

રિયા વિશ્વની સૌથી નાની અંગ દાતા હતી. તેનો હાથ મુંબઈની અનમતા અહેમદને આપવામાં આવ્યો હતો, જે વિશ્વની સૌથી નાની છોકરી છે જેનો ખભા સુધી હાથ ટ્રાન્સપ્લાન્ટ થયો છે.

હવે અનમતાએ રિયાના ભાઈ શિવમને રિયાના હાથથી રાખડી બાંધી. જ્યારે શિવમે અનમતાને રાખડી બાંધી, ત્યારે તેને એવું લાગ્યું કે જાણે તે તેની પ્રિય બહેન દ્વારા રાખડી બંધાવી રહ્યો હોય. જ્યારે રિયાના માતા-પિતાએ પોતાની દીકરીનો હાથ પોતાના હાથમાં પકડ્યો, ત્યારે તેઓ પોતાના આંસુ રોકી શક્યા નહીં. તે ખૂબ જ ભાવનાત્મક ક્ષણ હતી. દરેકની આંખોમાંથી આંસુ વહેતા રહ્યા અને તેઓ પોતાની લાગણીઓ છુપાવતા રહ્યા. રિયાની માતા તૃષ્ણાએ વહેતા આંસુ સાથે જણાવ્યું કે જ્યારે અનમતાએ શિવમને રાખડી બાંધી, ત્યારે અમને લાગ્યું કે રિયા રાખડી બાંધવા માટે જીવંત થઈ ગઈ છે. મેં તેના પ્રિય ગુલાબ જાંબુ બનાવ્યા છે. અમે દર વર્ષની જેમ રક્ષાબંધન ઉજવ્યું. અમે હજુ પણ અમારી દીકરીના જવાના દુઃખને દૂર કરી શક્યા નથી, પરંતુ અનમતાને જોઈને ખુશી થાય છે. તે કેટલી ખુશ છે અને સારું જીવન જીવી રહી છે તે જોઈને રાહત થાય છે.

### મુસાફરોને ઈજા, ટ્રાફિકજામ સર્જાયો

# પાવીજેતપુરઃ વાંકી ગામ પાસે બે ST બસ અને ઈકો કારનો અકસ્માત

### જાનહાનિ ટળી, કેટલાક મુસાફરોને સામાન્ય ઈજાઓ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા) પાવીજેતપુર

પાવીજેતપુર તાલુકાના વાંકી ગામ પાસે આજે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં બે સરકારી એસ.ટી. બસો સામસામે અથડાઈ હતી. આ અકસ્માતમાં બસની પાછળ આવી રહેલી એક ઈકો ગાડીને પણ નુકસાન થયું હતું. સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ કેટલાક મુસાફરોને સામાન્ય ઈજાઓ થઈ છે.

આજે સવારે લગભગ ૭:૩૦ વાગ્યાની આસપાસ, છોટાઉદેપુરથી રાધનપુર જઈ રહેલી અને પાલનપુરથી છોટાઉદેપુર આવી રહેલી બે બસો વાંકી ગામના ત્રણ રસ્તા પાસે સામસામે અથડાઈ. આ વિસ્તારમાં સિહોદ ગામનો બ્રિજ તૂટી જવાથી વાહનવ્યવહાર આ વૈકલ્પિક માર્ગ પરથી પસાર થઈ રહ્યો છે, જેના કારણે ટ્રાફિકનું ભારણ વધારે રહે છે. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને બસને મોટું નુકસાન થયું હતું. બસની પાછળ ચાલી રહેલી ઈકો કાર પણ અકસ્માતનો ભોગ બની હતી. આ ઘટનામાં બસમાં સવાર કેટલાક મુસાફરોને નાની-મોટી ઈજાઓ થતા ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માત બાદ બંને બસો રસ્તા વચ્ચે ઊભી રહી જતાં લગભગ ૨ કિલોમીટર સુધીનો ટ્રાફિકજામ સર્જાયો હતો. વાહનોની લાંબી કતારો લાગી જતાં વાહનચાલકો અને મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પોલીસ અને સ્થાનિક પ્રશાસન ઘટનાસ્થળે પહોંચીને ટ્રાફિકને સામાન્ય બનાવવા માટે પ્રયાસો કરી રહ્યા છે. આ ઘટનાએ ફરી એકવાર વૈકલ્પિક માર્ગો પર સલામતીના પ્રશ્નો ઊભા કર્યા છે.

### આરોપીઓ એ લાખો રૂપિયાનું કૌભાંડ આચર્યું છે

# ગુજરાત એટીએસ એ યુરોપના બોગસ વિઝાનું કૌભાંડનો પર્દાફાશ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત એ.ટી.એસ. દ્વારા એક મોટા બોગસ વિઝા કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ કૌભાંડમાં લક્ઝમબર્ગ સહિતના વિવિધ દેશોના નકલી વિઝા બનાવી લોકોને છેતરવા માં આવતા હતા. આ બોગસ વિઝા કૌભાંડ મામલા માં ગુજરાત ats એ મયંક ભારદ્વાજ, તેજેન્દ્ર ગજ્જર, મનીષ પટેલ અને તબરેજ કશ્મીરી સહિત ચાર મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે અને વધુ પૂછ પરછ હાથ ધરી છે.

ગુજરાત એ.ટી.એસ.ની ટીમને મળેલી બાતમીના આધારે આ સમગ્ર તપાસ શરૂ કરવામાં આવી હતી. બાતમી માં મયંક ભારદ્વાજ અને તેના સાગરિતો પર બોગસ વિઝા બનાવી આપવાનો આરોપ હતો. આ બાતમીના આધારે ગુજરાત એટીએસ એ મયંક અને તેજેન્દ્ર ગજ્જરને પૂછપરછ માટે બોલાવ્યા હતા. પૂછપરછ દરમિયાન બંને એ કબૂલ્યું કે તેમણે મનીષ પટેલ મારફતે પાંચ વ્યક્તિઓને લક્ઝમબર્ગ ના નકલી વિઝા અપાવ્યા હતા, જેના બદલામાં તેમણે મોટી રકમ લીધી હતી. આ નકલી વિઝા નું કામ મનીષ પટેલ મુંબઈ ના તબરેજ કશ્મીરી પાસે કરાવતો હતો. ગુજરાત એટીએસ તપાસ દરમિયાન, એ.ટી.એસ. દ્વારા ભોગ બનનાર પાંચ વ્યક્તિઓના વિઝાની ખરાઈ માટે લક્ઝમબર્ગ ની એમ્બેસી નો સંપર્ક કરવામાં આવ્યો હતો. એમ્બેસીએ સ્પષ્ટપણે જણાવ્યું કે આ તમામ વિઝા નકલી છે અને તેમની એમ્બેસી દ્વારા ઈશ્યુ કરવામાં આવ્યા નથી. વધુ પૂછ પરછ માં સામે આવ્યું હતું કે આ પાંચેય આરોપીઓએ અગાઉ પણ વિઝા માટે અરજી કરી હતી, જે નોકરી ના ખોટા દસ્તાવેજો ને કારણે નામંજૂર કરવામાં આવી હતી.આ પાંચ કેસ ઉપરાંત, પોલીસ ની વધુ પૂછપરછમાં આરોપીઓના મોબાઈલ ફોનમાંથી અન્ય ૩૯ વ્યક્તિઓના બોગસ વિઝા બનાવ્યા હોવાનું પણ બહાર આવ્યું છે. આરોપી ઓએ આ તમામ ૩૯ લોકો પાસેથી ૮ લાખ થી લઈ ને ૧૨ લાખ રૂપિયા સુધીની રકમ પેટે લાખો રૂપિયા પડાવી ને તેમના પાસપોર્ટ પર નકલી વિઝા ના સ્ટીકરો લગાવી ને છેતરપિંડી કરી હતી. ગુજરાત એ.ટી.એસ દ્વારા ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર તબરેજ કશ્મીરી સહિત મયંક ભારદ્વાજ, તેજેન્દ્ર ગજ્જર અને મનીષ પટેલ ની ધરપકડ કરવામાં આવી છે. એ.ટી.એસ. દ્વારા આ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ અન્ય આરોપીઓને ઝડપી પાડવા માટે સઘન તપાસ ચાલુ કરી છે.

### બ્રિજનું સમારકામ કરવા માટે લેવાયો નિર્ણય

# પીરાણાથી વિશાલા જતો શાસ્ત્રી બ્રિજ ફરી એક વાર બંધ કરી દેવાયો

### ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી શાસ્ત્રી બ્રિજ ભારે વાહનો, પેસેન્જર વાહનો અને માલવાહનની અવરજવર બંધ કરવામાં આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

મેગા સિટી અમદાવાદ સતત ધમધમતુ શહેર છે. ત્યારે અહી એક પણ રસ્તો બંધ થાય તો હજારો વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાય છે. ત્યારે પીરાણાથી વિશાલા જતો શાસ્ત્રી બ્રિજ ફરી એક વાર બંધ કરી દેવાશે. અમદાવાદ પોલીસ કમિશ્નરે જાહેરનામું બહાર પાડ્યું છે. વિશાલા સર્કલથી પીરાણા સર્કલ તરફ જતા આવતો શાસ્ત્રી બ્રિજની કેટલીક બેરીંગ- પેડેસ્ટલ જર્જરિત થઈ ગયેલ હોવાથી તેના સમારકામ અન્વયે ભારે અને મધ્યમ પ્રકારના માલ વાહક અને પેસેન્જર વાહનોની અવર-જવર તા.૦૮/૦૨/૨૬ સુધી સંપૂર્ણ બંધ કરવા પોલીસ કમિશનરનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. બ્રિજ પર ભારે વાહનો, પેસેન્જર વાહનો અને માલવાહનની અવરજવર આજથી બંધ કરવામાં આવી છે.

૯ ઓગસ્ટ ૨૦૨૫ થી ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી શાસ્ત્રી બ્રિજ ભારે વાહનો, પેસેન્જર વાહનો અને માલવાહનની અવરજવર બંધ કરવામાં આવી છે. વિશાલા ખાતે આવેલ શાસ્ત્રી બ્રિજ પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પોલીસ વિભાગે જાહેરનામુ બહાર પાડીને ભારે વાહનોના અવરજવર પર પ્રતિબંધ મૂક્યો છે. ૯ ઓગસ્ટની રાતથી ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી પ્રતિબંધ મુકાયો છે. ભારે વાહન અને પેસેન્જર વાહન બ્રિજ ઉપર આવજ નહીં કરી શકે. શાસ્ત્રી બ્રિજ ઉપર પ્રતિબંધ મુકાતા ડાયવર્ટ કરાયેલા રૂટ ઉપરથી ભારે વાહન અને પેસેન્જર વાહનોએ આવા જવાનું રહેશે.

અમદાવાદ શહેર પોલીસે આ જાહેરનામું બહાર પાડ્યું છે. શાસ્ત્રી બ્રિજ પર ભારે વાહનોની અવરજવર બંધ રહેશે. ૯ ઓગસ્ટથી ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી પ્રતિબંધ મકાયો છે. ડાયવર્ટ રૂટ ઉપરથી ભારે વાહનો અવરજવર કરી શકશે તેવું જાહેરનામામાં જણાવાયું છે.

વૈકલ્પિક માર્ગની વિગત

૧. લાંભા જશોદાનગર તથા બરોડા એક્સપ્રેસ વે તરફથી આવતો ટ્રાફિક પીરાણા જંકશનથી જમણી બાજુ વળી પીરાણા ડમ્પીંગ યાર્ડ થઈ કેલિકો મીલ બહેરામપુરા ચાર રસ્તા થઈ ડાબી બાજુ વળી ડોક્ટર બાબા સાહેબ આંબેડકર બ્રિજ થઈ અંજલી ચાર રસ્તા થઈ ડાબી બાજુ વાસણા વિશાલા વાળા માર્ગે જઈ શકશે.

૨. સરખેજ જુહાપુરા તરફથી આવતો ટ્રાફિક વાસણા રોડ અંજલી ચાર રસ્તા થઈ જમણીબાજુ વળી ડૉક્ટર બાબા સાહેબ આંબેડકર બ્રિજ થઈ બહેરામપુરા ચાર રસ્તા કેલિકો મિલથી જમણી બાજુ વળી પીરાણા ડમ્પીંગ યાર્ડ થઈ પીરાણા જંકશન થઈ મુખ્ય માર્ગ ઉપર જશોદાનગર લાંભા બરોડા એક્સપ્રેસ રોડ તરફ જઈ શકશે.



રક્ષાબંધનના પવિત્ર પર્વે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં પ્રેમ અને કરુણાના હદયસ્પર્શી દ્રશ્યો સર્જાયા હતા. હોસ્પિટલના નર્સિંગ સ્ટાફે બિનવારસી દર્દીઓને રાખડી બાંધી ભાઈ-બહેનના સ્નેહનું અનોખું બંધન જોડ્યું હતું.

### ૪ હજારથી વધુ વિદ્યાર્થીઓને ભારે તકલીફ

# વડોદરાની MS યુનિવર્સિટીની ૧૬ મેસમાંથી ૧૪ બંધ થઈ

### યુનિવર્સિટીમાં મેસ બંધ હોવાને કારણે વિદ્યાર્થીઓ પરેશાન

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

ગુજરાતની ખ્યાતનામ યુનિવર્સિટી જ્યાં દેશભરમાંથી હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે પણ આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ હેરાન પરેશાન છે. યુનિવર્સિટીની અણઆવડતને કારણે વિદ્યાર્થીઓના પૈસાનો અને સમયનો વેડફાટ થઈ રહ્યો છે ત્યારે શું છે વિદ્યાર્થીઓની સમસ્યા?

વડોદરાની વિશ્વવિખ્યાત એમ.એસ. યુનિવર્સિટી, જ્યાં દેશભરમાંથી હજારો વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા આવે છે. પરંતુ આજે આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ એક મોટી સમસ્યાનો સામનો કરી રહ્યા છે. યુનિવર્સિટીની ૧૬ મેસમાંથી ૧૪ બંધ પડી છે, જેના કારણે ૪ હજારથી વધુ વિદ્યાર્થીઓને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. મેસ બંધ થવાથી વિદ્યાર્થીઓનો સમય અને પૈસા બંનેનો વેડફાટ થઈ રહ્યો છે. યુનિવર્સિટીના વહીવટી સંચાલનની નિષ્ફળતા અને યોગ્ય કોન્ટ્રાક્ટરની નિમણૂક ન થવાને કારણે આ સમસ્યા વધુ ગંભીર બની છે. વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે યુનિવર્સિટીના સત્તાધીશો આ મુદ્દે ગંભીરતા દાખવતા નથી.

વિદ્યાર્થીઓની માંગ છે કે યુનિવર્સિટી તાત્કાલિક પગલાં લઈ મેસ ફરી શરૂ કરે.

આ સમસ્યા ઉકેલાય નહીં તો વિદ્યાર્થીઓની નારાજગી વધુ તીવ્ર બની શકે છે. શું એમ.એસ. યુનિવર્સિટીનું વહીવટી તંત્ર આ મુદ્દે કોઈ નક્કર પગલાં લેશે?.

### રક્ષાબંધન નિમિત્તે બહેન ભાઈના પ્રેમની અનોખી કહાની

# મોટી બહેને ભાઈને કિડની રૂપી રાખડી આપીને આપ્યું નવજીવન

### બીજા નંબરના મોટા બહેન સુશીલાબેનની કિડની મેચ થતાની સાથે જ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગાંધીનગરમાં રહેતા કિરણભાઈ પટેલ ભરૂચમાં ફર્ટિલાઈઝર કંપનીમાં નોકરી કરતા હતા. બે વર્ષ પહેલા તેઓ કિડનીની ગંભીર બીમારીમાં સપડાયા હતા.

તબીબોએ કિડની ફેલ થઈ હોવાના દુઃખદ સમાચાર આપ્યા અને કિડની ટ્રાન્સપ્લાન્ટનો અભિપ્રાય આપ્યો હતો. કિડની ખરાબ થવાને કારણે કિરણભાઈના પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું હતું. તેમનો દીકરો અને દીકરી કે જેઓ બંને ઓસ્ટ્રેલિયામાં રહે છે તેઓ ખૂબ ચિંતિત થઈ ગયા હતા. કિરણભાઈના ધર્મપત્ની પણ સતત પ્રભુને પ્રાર્થના કરતા હતા. પરિવારના મોભી પર આવી પડેલી આ અણધારી આફત સામે લડવા માટે પરિવાર માનસિક રીતે તૈયાર ન હતો. આ ઘેરા આઘાતની પરિસ્થિતિ વચ્ચે કિરણભાઈ પટેલ માટે ચાર બહેનો આશાનું કિરણ અને રક્ષાનું કવચ બનીને આગળ આવી.

કિરણભાઈ પટેલ કિડનીનું દાન મળે તેની રાહ જોઈ ડાયાલિસિસ પર જીવન વ્યતિત કરવા લાગ્યા હતા. આ વાતની ખબર જ્યારે તેમની ચારેય મોટી બહેનોને ખબર પડી ત્યારે આ તમામ બહેનોએ પોતાના નાનાભાઈને કિડની આપવા માટેની રાજીખુશીથી સામેથી તૈયારી દર્શાવી. જે નાના ભાઈને ઘરના આંગણામાં તેડી તેડીને રમાડ્યો હોય તે ભાઈ પર આવી અણધારી પીડા આવી પડે ત્યારે બહેનો કેવી રીતે એ સહન કરી લેવાની હતી. સૌથી મોટા બહેન કેનેડા હતા તેઓ તરત ભારત આવ્યા અને રિપોર્ટ કરાવ્યા, પરંતુ તેઓની મોટી ઉંમર અને બ્લડ પ્રેશરની તકલીફ હોવાના કારણે તબીબોએ તેમની કિડની લેવાની મંજૂરી આપી નહીં.

ત્રીજા નંબરના બહેને રિપોર્ટ્સ કરાવ્યો ત્યારે ખબર પડી કે તેમને તો જન્મજાત એક જ કિડની છે અને ચોથા બહેનને પગમાં તકલીફ હોવાને કારણે તેઓ આંશિક દિવ્યાંગ છે એટલે તેઓની પણ કિડની લઈ શકાય નહીં. અંતે બીજા નંબરના મોટા બહેન સુશીલાબેનની કિડની મેચ થતાની સાથે જ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આમ ભાઈ બહેન માટે કિડની દાન આપ્યું છે.

હાલ ૫૮ વર્ષના સુશીલાબેને પણ એમના ભાઈનું દુઃખ સહભાગી થવાનો પ્રયાસ કર્યો. ચારેય બહેનો કિડની આપવા તૈયાર થયા પરંતુ બીજા નંબરના બહેન સુશીલાબેન કિડની આપીને ભાઈને નવું જીવન બક્ષ્યું હતું. આ ઓપરેશન અમદાવાદની સરકારી કિડની હોસ્પિટલ IKDRCમાં કિડની ટ્રાન્સપ્લાન્ટનું સફળ ઓપરેશન કરાવ્યા બાદ છેલ્લા દોઢ વર્ષથી કિરણભાઈ પટેલ સ્વસ્થ જીવન જીવી રહ્યા છે. મહત્વનું છે કે મળતી માહિતી અનુસાર અમદાવાદની સરકારી કિડની હોસ્પિટલ IKDRCમાં છેલ્લા ત્રણ વર્ષમાં અંદાજે ૨૦ બહેનોએ ભાઈને કિડની આપી છે તેમાં પણ ૩ ભાઈઓએ બહેનને કિડની આપીને ભાઈ બહેનના પવિત્ર સંબંધને યથાર્થ બનાવ્યો છે. ત્યારે આજના દિવસે ચાર બહેનો વચ્ચે એકના એક ભાઈ કિરણભાઈ પટેલની રક્ષા કાજે સહુ બહેનોએ દર્શાવેલો સ્નેહ અને કિડની આપવાની તૈયારી સમાજ માટે પ્રેરણારૂપ કિસ્સો છે.

### ગુજરાતમાં એક ટ્રફ સક્રિય જોવા મળી રહ્યો છે

# ધીમે ધીમે વરસાદી માહોલ જામવાની શરૂઆત થઈ શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

છેલ્લા ૧૦-૧૨ દિવસથી આરામ ફરમાવી રહેલા મેઘરાજા હવે આળસ ખંખેરી શકે છે. આવતું અઠવાડીયું ખેડૂતો માટે સારા સમાચાર લઈને આવી શકે છે. જોકે, એ પહેલાં જ ધીમે ધીમે વરસાદી માહોલ જામવાની શરૂઆત થઈ શકે છે. કારણ કે હાલ રાજસ્થાન-પાકિસ્તાન સરહદ આસપાસ એક હળવું અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન છે. ઉપરાંત ગુજરાતમાં એક ટ્રફ સક્રિય જોવા મળી રહ્યો છે. જેના કારણે અનુકૂળ વાતાવરણ મળતાં જ્યાં ભેજ હશે ત્યાં ત્યાં હળવો વરસાદ વરસી શકે છે. જોકે, આ વરસાદ ઝાપટા સ્વરૂપે હશે. એ પણ ગણ્યા ગાંઠ્યા વિસ્તારોમાં થઈ શકે છે.

પરંતુ એક વાત ચોક્કસ છે કે હવે ધીમે ધીમે ઝાપટાના પ્રમાણમાં ઉત્તરોત્તર વધારો જોવા મળી શકે છે. રાજ્યમાં મધ્ય ગુજરાત તથા મધ્ય પૂર્વ ગુજરાતમાં ઝાપટાનું પ્રમાણ વધારે રહી શકે છે. ઉપરાંત સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં પણ હળવા ઝાપટાં પડી શકે છે. ૧૦ ઓગસ્ટથી ઝાપટાના પ્રમાણ અને વિસ્તારમાં વધારો પણ જોવા મળી શકે છે. વિવિધ વેધર મોડલના એનાલિસિસ પરથી હાલ આ પ્રકારનું ચિત્ર જોવા મળી રહ્યું છે. રવિવારે અમદાવાદ, વડોદરામાં પણ ઝાપટાં પડે તો નવાઈ નહીં.

જોકે, હજુ ૧૫-૧૬ ઓગસ્ટ સુધી ભારે વરસાદની સંભાવના નહીંવત છે. હવામાન વિભાગના અનુમાન પ્રમાણે ૧૩ ઓગસ્ટે ઉત્તર પશ્ચિમ બંગાળની ખાડીમાં એક લો-પ્રેશર બની શકે છે. વિવિધ વેધર મોડલ અને નિષ્ણાતો માની રહ્યા છે કે ૧૩ ઓગસ્ટે બનનારી આ સિસ્ટમ જ ગુજરાતના ખેડૂતોની વરસાદની ભૂખ ભાંગી શકે છે.

હાલના અનુમાનિત ટ્રેક મુજબ જ આ સિસ્ટમ આગળ વધશે તો આખા ગુજરાતમાં ધોધમાર વરસાદની સંભાવના છે. એમાં પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોને તરબોળ કરીને પૂરનું સ્થિતિનું નિર્માણ કરી શકે છે. હાલ સૌરાષ્ટ્રના જિલ્લામાં ખરીફ સિઝનને પિયત ચાલી રહ્યું છે. ત્યારે આ વરસાદની ખેડૂતો ખુશખુશાલ થઈ શકે છે.